**આજનો સુવિચાર**

જે માણસ જુઠ્ઠુ બોલતા ડરે છે તે પછી બીજા કશાથી ડરતો નથી

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૭૩ જૂનાગઢ તા.૧૪-૩-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)




## મુખ્યમંત્રીએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી

ગાંધીનગર તા. ૧૪ : રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે એક ટવિટ કરીને ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી અને જણાવ્યું હતું કે, જીવનનો આ એક મહત્વનો પડાવ છે. હજુ આગળ અનેક પડાવ આવવાનાં બાકી છે. વિદ્યાર્થીઓ લક્ષ્ય નિર્ધારીત કરીને તણાવમુકત રહીને મહેનત કરશે તો સફળતા અચુક મળશે તેવું મુખ્યમંત્રીએ ટવિટ કર્યુ છે.



## સિનિયર સીટીઝન માટે રેલ્વે પ્રવાસમાં ૫૦ ટકા કન્સેશન પુનઃ શરૂ કરવા ભલામણ

નવી દિલ્હી તા. ૧૪ દેશમાં કોરોનાકાળ સમયે પાછી ખેંચાયેલી રેલવે પ્રવાસમાં સીનીયર સીટીઝન માટેની ટિકિટમાં ખાસ કન્સેશન ફરી આપવા કેન્દ્રસરકારને ભલામણ કરવામાંઆવીછે. રેલવેનીઆવકપણ પુનઃ સામાન્ય સ્તર પર આવી ગઈ છેઅને તેની સીનીયર સીટીઝનને જે રેલવે ટિકિટપર૫૦ ટકાની છૂટ કોરોના સમય પુર્વેઅપાતી હતી તે પુનઃ બહાલ કરવી જરૂરી છે.

## ૬૮ હજાર કરદાતાઓને આઈટીની નોટીસ




નવી દિલ્હી તા.૧૪: દેશમાં ૨૦૧૯-૨૦ના નાણાંકીય વર્ષમાં આવકવેરારીટર્નમાં કમાણી નહીબતાવવાઅથવાતોઓછીદર્શાવવા મુદ્દે હવે આવકવેરા વિભાગે ૬૮ હજાર લોકોને નોટીસ આપી છે. આવકવેરા વિભાગ દ્વારા દેશભરમાં થતા હાઈ વેલ્યુ ટ્રાન્ઝેક્શનમાં માહિતી મેળવે છે તેના આધારે આ પ્રકારે નોટીસ ફટકારી છે અને તેઓને હવે આગામી દિવસોમાં જવાબ આપવો પડશે.

# સમગ્ર રાજયમાં ધો. ૧૦-૧૨ની પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ



ગાંધીનગર તા. ૧૪ ગુજરાતમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની ધોરણ ૧૦અને ધોરણ ૧૨ની પરીક્ષા શરુ થઈ છે. રાજયભરમાંથી કુલ ૧૬ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહયા છે. સમગ્ર રાજયમાં આજથી ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડનીપરીક્ષા ૩૩ જિલ્લાના ૯૫૮ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાઈ રહી છે. ધોરણ ૧૦ની પરીક્ષા સવારે ૧૦ વાગ્યે શરુ થઈ છેઅને પ્રથમ ભાષાનું પેપર છે. જ્યારે ધોરણ ૧૨ની પરીક્ષા બપોરે ૩ વાગ્યે શરુથશે અને વિજ્ઞાન પ્રવાહમાંપ્રથમપેપર ભૌતિક વિજ્ઞાન તથા સામાન્ય પ્રવાહમાં નામાનામૂળ તત્ત્વોનું પેપર છે. આજે ૧૦ વાગે ધોરણ ૧૦ની પરીક્ષા શરૂ થઈ છે, જેને લઈને અત્યારે વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્ર પર પહોંચી ગયા છે. હોલ ટિકિટ ચેક કરીને વિદ્યાર્થીઓને કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. ૯-૩૦ વાગે વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રની અંદર હોલ ટિકિટ તપાસીને પ્રવેશ આપવામાં આવ્યો હતો. પ્રથમ દિવસ હોવાથી અમદાવાદ કલેકટર તથા જિલ્લા શિક્ષિણાધિકારી દ્વારા વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓની સાથે મોટી સંખ્યામાં વાલી પણ પરીક્ષા કેન્દ્ર પહોંચ્યા છે. પરીક્ષા કેન્દ્રની અંદર પેપર પરીક્ષાર્થી પેપર લખી રહ્યા છે. દરમિયાન પરીક્ષાકેન્દ્રમાં પોલીસ બંદોબસ્તપણ ગોઠવવામાં આવ્યો છે. આ વર્ષે GSEBની પરીક્ષાનું પરિણામ મે મહિનામાંજાહેરથઈ શકે છે. ધોરણ ૧૦માં ૯ લાખ કરતા વધારે પરીક્ષાર્થીપેપરઆપી રહ્યાછે. જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૫ લાખથી વધુઅને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ વર્ષે કેટલાક સેંન્સિટિવ ૬૬ સેન્ટર પર પેરા મિલિટ્રિ ફોર્સ રાખવામાં આવશે.

## વડોદરામાં H3N2 વાયરસથી મહિલાનું મોત : આરોગ્ય તંત્રમાં દોડધામ




વડોદરા તા.૧૪ ગુજરાતમાં એક તરફ કોરોનાના વધતા કેસની ચિંતા છે તે સમયે જ રાજયમાં H3N2 વાયરસની એન્ટ્રી સાથે જ વડોદરામાં ૫૮ વર્ષીય મહિલાનું આ વાયરસના કારણે મૃત્યુ થતા રાજય સરકાર એલર્ટથઈ ગઈ છે. ભારતભરમાંઈન્ફલુએન્ઝા વાયરસ એચ૩એન૨ ના કેસ વધી રહ્યા છે અને વડોદરામાં એસએસજી હોસ્પીટલમાં સારવાર હેઠળ રહેલા ૫૮ વર્ષીય એક મહિલાને આ વાયરસનું સંક્રમણ હોવાનું બહાર આવ્યું હતું અને તેની સારવાર દરમ્યાન જ તેનું મૃત્યુ થયુ છે.

વડોદરાના ફતેહગંજ વિસ્તારમાં રહેતા આ મહિલાને શરદી, ખાંસી અને તાવ જેવા સામાન્ય લક્ષણ હતા અને બાદમાં તેનું સારવારદરમ્યાન જ મૃત્યુ થતા હવે રાજય સરકારે આ પ્રકારના લક્ષણ ધરાવતા દર્દીઓને તાકીદે ટેસ્ટ કરાવવા માટે અપીલ કરી છે અને રાજયની સરકારી હોસ્પિટલોમાં પણ એચ૩એન૨ વાયરસના ટેસ્ટ માટે વ્યવસ્થા શરૂ કરી છે.

આ વાયરસની અસરના કારણે દર્દી સામાન્ય શરદી કે તાવ સમજે તો તેને વધુમુશ્કેલી થઈ શકે છે. સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદમાં સીવીલ હોસ્પીટલમાં H3N2 વાયરસના ટેસ્ટઅંગેની વ્યવસ્થા કરવારાજય સરકારે આદેશ આપ્યો છે.

## લંડનમાં રાહુલ ગાંધીએ કરેલા નિવેદન સબબ સંસદનાં બંને ગૃહોમાં ભારે હંગામો : આવતીકાલ સુધી સ્થગીત



નવી દિલ્હી તા. ૧૩: આજથી શરૂ થયેલા સંસદના બજેટ સત્રના બીજા તબક્કાનો ભારે હંગામેદાર પ્રારંભ થયો છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ લંડનમાં કરેલા નિવેદનના મામલે બંને ગૃહોમાં હોબાળો થતાં બંને ગૃહો આવતીકાલ સુધી સ્થગિત કરાયા છે. ભાજપે રાહુલ પાસે માફીની માંગણી કરી છે તો કોંગ્રેસે કહ્યું છે કે, દેશમાં લોકતંત્રને કચડી નાખવામાં આવી રહ્યું છે.

આજે સંસદના બજેટ સત્રના બીજા તબક્કાના પહેલા જ દિવસે સંસદના બંને ગૃહોમાં ભારેહોબાળો થયો હતો. જેના કારણે ગૃહની કાર્યવાહી સ્થગિત કરવી પડી હતી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિદેશમાં સરકારની ટીકા કરતા હોવાનો મુદ્દો લોકસભામાં ઉઠાવવામાં આવ્યો હતો.

રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે સાંસદ રાહુલ ગાંધીએ લંડનમાં ભારતનું અપમાન કર્યું છે. હું માંગ કરૂં છું કે તેમના નિવેદનોની આ ગૃહના તમામ સભ્યો દ્વારા નિંદા કરવી જોઈએ અને તેમને ગૃહ સમક્ષ માફી માંગવા માટે કહેવામાં આવે. તેમણે કહ્યું કે ચીનના મુદ્દે વાહિયાત નિવેદનો કરનારા રાહુલ ગાંધીએ ગૃહમાં આવીને માફી માંગવી જોઈએ.

રાહુલ ગાંધીના નિવેદનને લઈને ભાજપ સાંસદોએ લોકસભામાં હંગામો મચાવ્યો હતો, જયારે રાજયસભામાં વિપક્ષે સીબીઆઈ અને ઈડીના કથિત દુરૂપયોગને લઈને હંગામો કર્યો હતો. હંગામાને કારણે લોકસભા અને રાજયસભાની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી ગિરિરાજસિંહનું કહેવું છે કે જયારે કોઈ વ્યકતિ દેશની બહાર વડાપ્રધાનનું અપમાન કરે છે ત્યારે તે દેશનું અપમાન કરે છે. જે લોકો લોકસભામાં કલાકો સુધી નિવેદનો આપે છે અને વિદેશમાં જઈને કહે છે કે લોકોને બોલવા દેવામાં આવતા નથી, લોકસભાના અધ્યક્ષે આઅંગે કાર્યવાહી કરવી જોઈએ.

## હવે પાવાગઢ મંદિરમાં નાળિયેર વધેરી નહી શકાય : વિવાદ



પાવાગઢ તા. ૧૪ ગુજરાતના પંચમહાલ જિલ્લામાં અંબાજી બાદવધુ એકમંદિરમાં આવેલ પાવાગઢ મંદિરમાં પ્રસાદનો વિવાદ વકર્યો છે. નાળિયેરના પ્રસાદને લઈ વિવાદ શરૂ થયો છે. પાવાગઢ મંદિરમાં નાળિયેર વધેરવાપર પ્રતિબંધ મૂકાયો છે. સાથે જ મંદિરમાં છોલેલું નાળિયેર લાવવા પર પણ પ્રતિબંધ મૂકાયો છે. આખું નાળિયેર માતાજીને ધરાવી ઘરે લઈ જવાનું ફરમાન મંદિર ટ્રસ્ટ દ્વારા કરાયું છે. પાવાગઢ મંદિરના રસ્તે જો કોઈ વેપારી છોલેલુ નાળિયેર વેચશે તો પણ દંડ થશે. પાવાગઢ મંદિર ટ્રસ્ટે આ નિર્ણય જાહેર કર્યો છે. ત્યારે પાવાગઢ મંદિર ટ્રસ્ટના નિર્ણયથી ભક્તોમાં રોષ જોવા મળ્યો છે. સાથે જ મંદિર ટ્રર્સ્ટના નિર્ણયથી ભકતો અને વેપારીઓમાં વ્યાપક અસંતોષ ફેલાયો છે.

અંબાજી બાદ હવે શક્તિપીઠ પાવાગઢ ખાતે પણ શ્રદ્ધાળુઓની આસ્થાને ઠેસ પહોંચે તેવો નિર્ણય કરાયો છે. મંદિરમાં છોલેલુંનાળિયેર લાવવા પર પ્રતિબંધ મુકાયો છે. તો સાથે જ છોલ્યા વિનાનું આખું નાળિયેર માતાજીને ધરાવી ઘરે લઈ જવાનું ફરમાન કરાયું છે. સ્વચ્છતાનું બહાનું કરી મંદિર ટ્રસ્ટ દ્વારા આ નિર્ણયો લેવાયો હોવાનું કહેવાય છે. વેપારીઓ પણ જો છોલેલું નાળિયેર વેચશે તો દંડનીય કાર્યવાહી કરવાની જાહેરાત ટ્રસ્ટ દ્વારાકરાઈ છે. આ નિર્ણય આજથી જ પાવાગઢ મંદિરમા અમલી બનશે. મંદિરના ટ્રસ્ટીઓએ વોટ્સએપ નોટ દ્વારા આ નિર્ણય જાહેર કર્યો છે. જેથી સ્થાનિક વેપારીઓ અને શ્રદ્ધાળુઓમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે. નવા ટ્રસ્ટી મંડળની રચના બાદ લેવાયેલા નિર્ણયોમાં વ્યાપક અસંતોષ જોવા મળી રહ્યો છે.

## મ્યાનમારમાં સૈન્યએ બૌધ્ધ મઠમાં ૨૮ નાગરીકોને લાઈનમાં ઉભા રાખી ઠાર કરી દીધા

મ્યાનમાર તા.૧૪ મ્યાનમારમાં સૈન્ય તખ્તાપલટા બાદ સેના અને વિદ્રોહી સંગઠન કારેન્ની નેશનલિસ્ટ ડિફેન્સ ફોર્સ (કેએનડીએફ) વચ્ચે હિંસક અથડામણ સામાન્ય બાબત બની ગઈ છે. આવી જ એક અથડામણ દરમિયાન મ્યાનમારની સેનાએ શાન પ્રાંતના એક ગામમાં હુમલો કર્યો હતો. જેમાં બૌદ્ધ મઠમાં ૨૮ જેટલા નાગરિકોને એક લાઈનમાં ઉભા રાખીને ઠાર માર્યા હતા.

વિદ્રોહી સંગઠન કારોની નેશનલિસ્ટ ડિફેન્સ ફોર્સે આ દાવો કર્યો છે. મ્યાનમારમાં સૈન્ય તખ્તાપલટાને બે વર્ષ વીતી ગયા છે અને ત્યારબાદ ભારતના આપડોશી દેશમાં સેના અને વિદ્રોહી સંગઠનો વચ્ચે હિંસા ચાલુ છે. હાલમાં સેના અને વિદ્રોહી વચ્ચેની લડાઈમાં તેજી આવી છે. મ્યાનમારની સેનાએ શાન પ્રાંતના એક ગામ પર હુમલો કર્યો હતો. એરફોર્સ અને ભૂમિદળે સંયુક્ત રૂપે આ કાર્યવાહી કરી હતી.

હુમલાથી બચવા માટે લોકો ગામના બૌદ્ધ મઠમાં છુપાઈ ગયા હતા પરંતુ ત્યાં પણ સેનાએ હુમલો કર્યો હતો. કેએનડીએફનું કહેવું છે કે સેનાએ ૨૮ લોકોને એક લાઈનમાંઉભારાખીને બધાને ગોળી મારીને ઠાર કર્યા હતા. મૃતકોમાં મઠના સાધુઓ પણ હતા.

## રશિયાનાં રાષ્ટ્રપતિ પુતિન ચાલુ વર્ષનાં અંતે ભારત આવશે

નવી દિલ્હી તા. ૧૪ ભારતમાં આ વર્ષે જી-૨૦ દેશોની યોજાનારી શિખર પરિષદ બેઠકમાં રશિયાના પ્રમુખ વ્હલાદીમીરપુટીન ભારત આવીશકે છે. ભારત જી-૨૦ દેશોનું યજમાન રાષ્ટ્ર બન્યુંછે અને શ્રેણીબદ્ધ કાર્યક્રમો દેશમાં યોજાઈ રહ્યા છે જેનો અંત સપ્ટેમ્બર માસમાં જી-૨૦ દેશોના રાષ્ટ્રવડાઓની શિખર પરિષદ હશે. જેમાં રશિયાના પ્રમુખ વ્હલાદીમીર પુટીન ભારત આવી શકે છે.

## કિસાનો આજ સંસદ ભવન તરફ કૂચ કરશે : સરકારની ચિંતા વધી



નવી દિલ્હી તા. ૧૪ નવી દિલ્હીમાં ફરી એકવાર ખેડૂત સંગઠન દિલ્હી તરફ કુચ કરી રહ્યું છે. પાંચ ખેડૂત સંગઠનો આજે સંસદ ભવન તરફ માર્ચ કરશે.

આ પહેલાં જંતર-મંતર ખાતે અને ત્યાર બાદ તેઓ દિલ્હી બોર્ડર પર ખુબ જ આક્રમક પ્રદર્શન કર્યુ હતું. જેના કારણે સરકારને કૃષિ કાયદાઓ પણ પરત લેવાની ફરજ પડી હતી.

ખેડૂત સંગઠનોનું કહેવું છે કે, કેન્દ્ર સરકારે જે વાયદાઓ કર્યા હતાં તે પૂરા કર્યા નથી. જાણકારી અનુસાર પંજાબથી આવી રહેલા આ ખેડૂતો દિલ્હીમાં ગુરુદ્વારા બંગલા સાહિબની પાસે ભેગા થશે અને અહીંથી સંસદ ભવન તરફ માર્ચ કરશે.

## સોનાનો ભાવ રૂા.૬૦ હજારને સ્પર્શી જશે



નવી દિલ્હી તા. ૧૪ સોનું ફરીએકવાર ઓલટાઈમ હાઈ પર પહોંચી ગયું છે. ફેડની અપેક્ષાઓઅને સિલિકોન વેલીબેંક નાદારીમાં ઉચ્ચ અસ્થિરતાને કારણે, આગામી થોડા દિવસોમાં સોનાનો દર રૂા. ૬૦૦૦૦પ્રતિ ૧૦ગ્રામને પારકરી શકેછે. એમસીએક્સ પર સોનાના ભાવપાંચ સપ્તાહની ટોચે પહોંચીને ૫૭૬૪૨ પર બંધ થયા છે. બીજી તરફ દિલ્હીના બુલિયન માર્કેટમાંસોનું રૂા. ૯૭૦વધીને રૂા. ૫૬,૫૫૦ પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચ્યું હતું.


**મકાન વેચવાના છે**

(૧) માંગનાથ રાધે કોમ્પ્લેક્ષ-૨ માળી 2BHK વેચવાનો છે
(૨) સુન્ની બોરવાળા ભાટીયા ધર્મશાળા રોડ, ૧૨૨ વાર મકાન ૭ રૂમ વાળું
(૩) ખ્વાઝાનગર ગરીબ નવાઝ મસ્જીદ પાસે, 2BHK
(૪) કલ્યાણનગર સોસાયટી, બહાઉદીન કોલેજ સામે, ૫ રૂમ વાળુ મકાન

સંપર્ક : ૯૧૭૩૭ ૨૩૧૩૨

**ટાઉન હોલ ભાડે મેળવવા માટે સંપર્ક કરો**

વર્ધમાન ગ્રુપ દ્વારા સંચાલિત જૂનાગઢનાં કાળવા ચોકમાં આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલ, અદ્યતન સુવિધાથી સજ્જ ૬૫૦ સીટ ધરાવતું આપના લગ્ન પ્રસંગો તેમજ બર્થ-ડે પાર્ટી, સેમીનાર, નાટયગૃહ માટે તદ્દન વ્યાજબી ભાવમાં ભાડે મળશે.
ટાઉનહોલ તથા કોન્ફરન્સ હોલમાં ૭૫ સીટની વ્યવસ્થા

મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧, ૮૧૬૦૬ ૭૯૮૨૧
૮૨૦૦૬ ૯૫૦૩૩

**ધમાકા ઓફર**

મકાન લેનાર પાર્ટી પાસેથી દલાલીનો ચાર્જ લેવામાં આવશે નહી.
જૂનાગઢમાં કોઈપણ વિસ્તારમાં જમીન, મકાન, દુકાન, પ્લોટ લેવા - વેચવા માટે સંપર્ક કરો

મો. ૯૧૭૩૭ ૨૩૧૩૨

**જગ્યા વેચવાની છે**

તળાવ દરવાજા પાસે, રેલ્વે ક્રોસીંગ
૧ માળે, સહયોગ ચેમ્બર સામે,
જૂનાગઢ-૩૬૨૦૦૧

મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

**એજન્સી આપવાની છે**

સૌરાષ્ટ્રની નામાંકિત ગરમ મસાલા કંપની માટે (માત્ર જૂનાગઢ શહેર માટે)

મો. ૯૧૦૬૭ ૩૫૫૪૫

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો




તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# રાજકોટ-પરાપીપળીયા ખાતે નિર્માણાધીન ગુજરાતની પ્રથમ એઈમ્સ હોસ્પિટલ ખાતે પહેલી વાર અદ્યતન મશીન દ્વારા કાર્ડિયોપલ્મોનરી એક્સરસાઈઝ ટેસ્ટ કરવામાં આવ્યો

## નાની ઉંમરે કસરત બાદ આવતા હાર્ટ એટેક, શ્વાસની તકલીફ તેમજ કસરત કરવાની ક્ષમતાને માપવા માટે કાર્ડિયોપલ્મોનરી એક્સરસાઈઝ ઉપયોગી



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૪

રાજકોટ નજીક પરાપીપળીયા ખાતે નિર્માણાધીન ગુજરાતની પ્રથમ એઈમ્સ હોસ્પિટલ ખાતે પહેલી વાર અદ્યતન મશીન દ્વારા કાર્ડિયોપલ્મોનરી એક્સરસાઈઝ ટેસ્ટ કરવામાં આવ્યો હતો. એઈમ્સના ડાયરેક્ટર અને પલ્મોનરી વિભાગના હેડ ડો. સી.ડી.એસ. કટોચ તેમજ અન્ય ડોક્ટર્સની ટીમની ઉપસ્થિતિમાં આ ટેસ્ટ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. રાજકોટ એઈમ્સ ખાતે ઓ.પી.ડી. તેમજ ટેલિમેડીસીન સેવાના પ્રારંભ બાદ ઈન્ડોર સેવાનો નજીકના સમયમાં પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ પૂર્વે અદ્યતન મશીન ઉપલબ્ધ બનતા શ્વસન તંત્રના રોગોને લગતા અને ફેફસાના દર્દીઓના રોગનું નિદાન કરવું સરળ બનશે. ડો. કટોચના જણાવ્યા મુજબ વ્યકતિની કસરત કરવાની ક્ષમતાને માપવા માટે કાર્ડિયોપલ્મોનરી એક્સરસાઈઝ ટેસ્ટ (CPET) નો ઉપયોગ કરવામાં આવે છે. શ્વાસની તકલીફનું કારણ જાણવા માટે પણ આ ટેસ્ટ ઉપયોગી છે. આ મશીન દ્વારા ટેસ્ટ કરવામાં આવતા કસરત માટે શરીરનો પ્રતિભાવ સામાન્ય છે કે અસામાન્ય છે તે સમજવા માટે હૃદય, ફેફસાં અને સ્નાયુઓ વિશેની માહિતી એકત્રિત કરવામાં આવે છે. આ માહિતી ઉપરથી શ્વાસ લેવામાં તકલીફનું કારણ હૃદય, ફેફસાં અથવા સ્નાયુઓમાં કોઈ સમસ્યા છે કે નહીં તે જાણવામાં મદદ મળે છે. આજકાલ કસરત કરતી વખતે કેટલાક લોકોને હૃદયરોગનો હુમલો થવાનું જાણવા મળે છે ત્યારે આ ટેસ્ટ કરાવવાથી હૃદય અને ફેફસાના રોગ ધરાવતા લોકોમાં હૃદય અથવા ફેફસાંને કારણે કસરતમાં કેટલી મર્યાદા છે તે નક્કી કરી શકાય છે. તેમજ રીપોર્ટના આધારે ડોક્ટર્સ દ્વારા તેમને કસરત અંગે સૂચન કરવાથી વ્યક્તિને હૃદય રોગના હુમલાથી બચાવી શકાય છે. રાજકોટ એઈમ્સ ખાતે કરવામાં આવેલ પ્રથમ ટેસ્ટ વખતે ડો. સંજય સિંઘલ, ડો. કૃણાલ દિઓકર, ડો. અનેરી પારેખ સહીત વિવિધ વિભાગના સહયોગીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# વીજચોરો સામે તંત્રની લાલ આંખ : તાલાલા, વેરાવળ અને સુત્રાપાડા તાલુકાના ગામડાઓમાં પીજીવીસીએલના વ્યાપક દરોડા

## ગીર-સોમનાથ જિલ્લામાં ત્રાટકેલી ટીમોએ લાખોની વીજચોરી પકડી

(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૪

છેલ્લાં કેટલાંક સમયથી સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજચોરીનું દૂષણ એટલું વ્યાપક બની ગયું છે કે પીજીવીસીએલને વર્ષે દહાડે કરોડો રૂપિયાનું નુકસાન ભોગવવાનો વારો આવે છે. નિયમિત ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને સાતત્યપૂર્ણ વીજપુરવઠો પૂરી પાડવાની કટિબદ્ધતા આડે આવા વીજચોરો અંતરાય બનીને ઊભા રહી જાય છે. પરિણામે વીજતંત્રને તેની રોજિંદી કામગીરી ઉપરાંત આવા તત્વો સામે ઝઝૂમવામાં સમય આપવો પડે છે. સરવાળે, નિયમિત ગ્રાહકોને પણ ક્યારેક તેમના કામોમાં સમયનો વિલંબ થતો હોવાનું અનુભવાયા વગર રહેતું નથી. વીજચોરીના આ સામાજિક દૂષણને ડામવા પીજીવીસીએલ દ્વારા સતત આકરી કામગીરી કરવામાં આવી રહી છે. એટલું જ નહિ, વધુ વીજલોસ ધરાવતા ફીડરો ઉપર આયોજનબદ્ધ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. પીજીવીસીએલને કરોડોનો ચૂનો લગાવતા આવા વીજચોરો સામે વીજતંત્રે હવે લાલ આંખ કરી છે અને વિવિધ વર્તુળ કચેરીઓના અધિક્ષક ઈજનેરો તેમજ વિભાગીય કચેરીઓના કાર્યપાલક ઈજનેરોની સીધી દેખરેખ હેઠળ સૌરાષ્ટ્ર-કચ્છના અનેક વિસ્તારો-જિલ્લાઓમાં ઈજનેરોની સંખ્યાબંધ ટુકડીઓ દ્વારા સામૂહિક વીજચેકિંગ ડ્રાઈવનું આયોજન કરીને આવા તત્વોને સબક શીખવવામાં આવે છે. ગઈકાલે આવી જ ઈન્સ્ટોલેશન ચેકિંગ ડ્રાઈવના અનુસંધાને ગીર સોમનાથ જિલ્લાની વેરાવળ વિભાગીય કચેરી હેઠળની પ્રભાસપાટણ, સુત્રાપાડા તેમજ પ્રાંચી પેટાવિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં એસ.આર.પી. સ્ટાફ તથા અન્ય સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની કુલ ૨૭ જેટલી વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. આ દરમ્યાન રહેણાંક, વાણિજ્યિક, ખેતીવાડી વગેરે મળીને કુલ ૩૬૦ જેટલા વીજજોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જેપૈકી ૬૮ વીજજોડાણોમાં જુદાજુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂા.૯.૯ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા. નોંધનીય છે કે એપ્રિલ-૨૨ થી જાન્યુઆરી-૨૩ નાસમયગાળા દરમ્યાન જૂનાગઢ વર્તુળ ક્ચેરી હેઠળ કુલ ૨૬૬૨૯ વીજજોડાણો ચકાસવામાં આવ્યાં છે, જેમાંથી કુલ ૨૮૯૯ વીજજોડાણોમાં વિવિધ ગેરરીતિ સબબ કુલ રૂા.૭૫૧.૧૨ લાખની દંડનીય આકારણીના બિલ આપવામાં આવ્યાં છે. જ્યારે સમગ્ર પીજીવીસીએલ હેઠળ ઉપરોક્ત સમયગાળા દરમ્યાન કુલ ૫૬૯૧૬૮ વીજજોડાણો ચકાસીને કુલ ૬૭૫૮૪ વીજજોડાણોમાંથી ગેરરીતિ પકડી પાડી કુલ રૂા.૧૭૪.૮૮ કરોડના બિલ આપવામાં આવ્યાં છે. ઉલ્લેખનીય છે કે પીજીવીસીએલ દ્વારા તાજેતરમાં જ ભુજ અને અંજાર ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છના અનેક સ્થળોએથી ખાનગી ટ્રાન્સફોર્મરદ્વારા થતી વીજચોરી પકડી પાડવામાં આવેલ છે અને સુરેન્દ્રનગર પંથકમાં આવેલી લાઈમસ્ટોન્સની અનેક ખાણોમાં ઓચિંતું ચેકિંગ કરીને કરોડો રૂપિયાની વીજચોરી પકડી પાડવામાં આવેલ છે. ઉપરાંત, મીઠાના અગરિયાઓ દ્વારા પણ મોટાપાયે વીજચોરી થતું હોવાનું ધ્યાને આવતા આવા તત્વો ઉપર પણ લગામ કસવામાં આવી છે. આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે તેવું વીજતંત્રના સૂત્રોએ જણાવ્યું છે. પીજીવીસીએલની આ કામગીરીને લીધે વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારીઓનાં હોદ્દેદારોએ રાજકોટનાં મેયર-ડેપ્યુટી મેયરની શુભેચ્છા મુલાકાત લીધી



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૪

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટીના હોદ્દેદારોએ સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી નિમિતે સોસાયટીના વિકાસમાં સહભાગી બનનારા રાજકોટના મેયર ડો. પ્રદીપ ડવ અનેસ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન પુષ્કરભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી. ૧૯૭૨માં સ્થપાયેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. હાલ ૨૦૨૩માં તેનું સુવર્ણ જયંતી વર્ષ ઉજવી રહી છે. આ હાઉસીંગ સોસાયટીના વિકાસના કર્યોમાં હંમેશા મદદરૂપ થનાર રાજકોટના મેયર ડો.પ્રદીપ ડવ અને સ્ટેન્ડીંગ કમિટીનાં ચેરમેન પુષ્કરભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત તાજેતરમાં સોસાયટીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ કે ડોડીયા, સહમંત્રી અજયસિંહભાઈ પરમાર અને સહમંત્રી રમેશ સભાયા, કારોબારી સભ્ય જીતેશ એમ. પંડિત તેમજ સોસાયટીના સિનિયર મેમ્બર અને પથદર્શક એવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ ઈજનેર ડી. પી. ત્રિવેદી સાહેબે લીધેલ. આ તકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના મનપાને લગતા તમામવિકાસના કામોમાં હંમેશા હકારાત્મક વલણ અપનાવીને સહયોગી બનનારા રાજકોટના મેયર ડો.પ્રદિપ ડવ, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન પુષ્કરભાઈ હરીભાઈ પટેલ, શહેર ભાજપના મંત્રી વિક્રમભાઈ પૂજારા તેમજ વોર્ડનં-૯નાં તમામ કોર્પોરેટરનો સોસાયટીના હોદ્દેદારો દ્વારા આભાર માનવામાં આવેલહતો.

# મંગળવાર નિમિત્તે શ્રીકષ્ટભંજનદેવ દાદાને ૫૦૦ કિલો લાલ બટાકાનો દિવ્યશણગાર



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૪

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ એવં શતામૃત મહોત્સવ સાળંગપુરધામ ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી(અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી મંગળવાર નિમિત્તે તા.૧૪-૩-૨૦૨૩ના રોજ શ્રી કષ્ટભંજનદેવ દાદાને દિવ્ય વાઘા ધરાવી સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી તથા ૭ કલાકે શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવેલ હતી. દાદાના સિંહાસનને ૫૦૦ કિલો લાલ બટાકાનો દિવ્ય શણગાર કરવામાં આવેલ તેમજ મંદિરના પરિસર મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું. જેના દર્શન-આરતીનો લાભ હજારો હરિભકતો લઈ ધન્યતા અનુભવી હતી.

# ખંભાળિયા સહિત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ધોરણ ૧૦ તથા ૧૨ના બોર્ડની પરીક્ષાઓનો શાંતિપૂર્ણ પ્રારંભ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

સમગ્ર રાજ્ય સાથે ખંભાળિયા અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ આજથી બોર્ડની પરીક્ષાઓનો શાંતિપૂર્ણ રીતે પ્રારંભ થયો છે. ખંભાળિયામાં ધોરણ ૧૦તથા ૧૨માંબોર્ડની પરીક્ષાઓ માટે તંત્ર દ્વારા કરવામાં આવેલી તમામ તૈયારીઓ વચ્ચે આજે સવારથી વિદ્યાર્થીઓ નિયત પરીક્ષા કેન્દ્રો ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેઓને પ્રોત્સાહિત કરી, શૈક્ષણિક તંત્ર સાથે આગેવાનો તથા હોદ્દેદારો દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આજથી શરૂ થતી ધોરણ ૧૦ ની પરીક્ષામાં જુદા જુદા આઠ કેન્દ્રોમાં ૩૭ બિલ્ડીંગના ૩૧૫ બ્લોકમાં ૯૬૧૧ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ જ રીતે ધોરણ ૧૨ ના સામાન્ય પ્રવાહ માટે જિલ્લાના પાંચ પરીક્ષા કેન્દ્રોમાં નિયત કરેલા ૨૧ બિલ્ડિંગમાં ૧૬૫ બ્લોકમાં ૪૮૯૩ વિદ્યાર્થીઓ તેમજ ધોરણ ૧૨ ના વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લાના બે કેન્દ્રોમાં કુલ ૪૭૩ વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા માટેની તમામ તૈયારીઓ કરવામાં આવી છે. અહીં ચાર કાઉન્સિલિંગ સેન્ટર પણ કાર્યરત કરવામાં આવ્યા છે. ધોરણ ૧૦તથા ૧૨મા બોર્ડની પરીક્ષાઓના તમામ બિલ્ડીંગોના દરેક બ્લોકમાં સીસીટીવી કેમેરા મારફતે અધિકારીઓ દ્વારા નજર રાખવામાં આવશે. જે માટે જિલ્લા શિક્ષણાધિકારી એસ.જે. ડુમરાણીયા તેમજ જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની ટીમ દ્વારા સઘન વ્યવસ્થા કરવામાં આવી છે. ખંભાળિયામાં આજથી શરૂ થયેલી બોર્ડની પરીક્ષાઓમાં ખંભાળિયાની જાણીતી એસ.એન.ડી.ટી. શૈક્ષણિક સંસ્થા તેમજ ગોકાણી ગર્લ્સ સ્કૂલમાં જિલ્લા કલેકટર એમ.એ. પંડ્યાએ ખાસ ઉપસ્થિત રહી અને વિદ્યાર્થીઓના મોં મીઠા કરાવીને તથા બોલપેન આપી, શુભેચ્છાઓ પાઠવી હતી. જેમાં શાળાના મેનેજિંગ ટ્રસ્ટી પરાગભાઈ બરછા તથા નગરપાલિકાના પ્રમુખ ભાવનાબેન પરમાર પણ જોડાયા હતા. દેવભૂમિ દ્વારકા જિલ્લા શિક્ષણણાધિકારી એસ.જે. ડુમરાણીયાએ અહીંની સરકારી જી.વી.જે. હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓના મોં મીઠા કરાવી, શુભકામનાઓ પાઠવી હતી. જે પ્રસંગે જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન સંજયભાઈ નકુમ તથા ઝોનલ અધિકારી કમલેશભાઈ પાથર પણ જોડાયા હતા.

# સીએમના દ્વારકા ખાતે આવેલ સિક્યુરેટી ગાર્ડ ભાન ભુલ્યા



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૪

જગ વિખ્યાત દ્વારકાધીશ જગતમંદિરે રવિવારે ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના નેતાઓનો કાફલો દ્વારકાધીશ જગત મંદિરે દર્શનાથે પહોંચ્યા ત્યારે મુખ્યમંત્રી સહિતનાઓએ જગત મંદિર ગેટ બાર શુંઝ તેમજ પગરખા ઉતારેલ હતા. પરંતુ મુખ્યમંત્રી સાથે તેમના સિક્યુંરેટી ગાર્ડ પણ મંદિરમાં પ્રવેશ કર્યો હતો. તેમાથી એક સિક્યુંરેટી ગાર્ડ જગત મંદિરના મુખ્ય પ્રવેશ દ્વાર અંગદ સુઝ પેરી પ્રવેશ કર્યો હતો. મંદિર અંદર પહોંચી ગયા બાદ જગત મંદિર અંદર સિક્યુરેટી ગાર્ડને ટકોર કરતા તેમની સાથે સ્થાનિક કર્મચારી મંદિર અંદથી ગેટ બાર લાવેલ અને સુઝ બહાર ઉતરાવ્યા હતા. મુખ્યમંત્રીના સિક્યુંરેટી ગાર્ડ ભાન ભુલ્યા હોય એમ શુઝ પેરીને મંદિરમાં પ્રવેશ કરતા તેની ટીકાઓ વહેતી થઈ હતી.

# ઓખા મરીન પોલીસ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા અંતર્ગત અનોખી પહેલ



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૪

દેવભૂમિ દ્વારકા જીલ્લા પોલીસ અધિક્ષક નીતીશ પાંડેય તથા નાયબ પોલીસ અધિક્ષક પ્રજાપતિનાઓની સુચના અને માર્ગદર્શન મુજબ આજરોજ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા શરૂ થઈ રહી છે. ઓખા મરીન પોલીસે પરીક્ષાને ધ્યાનમાં રાખી બેટ દ્વારકાથી ઓખા પહોંચવા માટે અનોખી પહેલ કરી છે. વિદ્યાર્થીઓ પરીક્ષા માટે મોડા ન પડે તે માટે તથા કોઈ મુશ્કેલી ન પડે તે હેતુથી ઓખા મરીન પોલીસ સ્ટેશનના પીએસઆઈ દેવ વાંઝા તથા બેટ પોલીસ સ્ટાફ દ્વારા સ્કૂલના આચાર્ય તથા વાલીઓનો કોન્ટેક કરી ઓખા મરીન પોલીસની સરકારી બોટની વ્યવસ્થા કરી આપેલ અને વિદ્યાર્થીઓને ઉજવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવવામાં આવેલ છે.

# માંગરોળ ખાતે બુથ સશકિતકરણ કાર્યક્રમ યોજાયો



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૪

માંગરોળ મુકામે માંગરોળ તાલુકા શહેર ભાજપના પ્રમુખ મહામંત્રીઓ સાથે સર્વ હોદ્દેદારો, શક્તિ કેન્દ્રના સંયોજક, કારોબારી સભ્યો, શહેરનગર પાલિકા સભ્ય તાલુકા પંચાયતના સદસ્યઓ, જિલ્લા પંચાયતના સદસ્ય, માંગરોળ તાલુકા ભાજપના મોરચાના પ્રમુખ મહામંત્રીઓ, આઈટી સેલના સર્વ હોદ્દેદારોની હાજરી સાથે બુથ સશક્તિકરણ અભિયાનની બેઠક જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને લેવામાં આવી હતી. જેમાં રાષ્ટ્રીય બક્ષીપંચ મોરચાના મંત્રી વેલજીભાઈ મસાણી, શહેર તાલુકા મંડલ પ્રભારી ભરતભાઈ ચારીયા, ચંદુભાઈ મકવાણા, નગરપાલિકા ઉપ પ્રમુખ તાલુકા પંચાયત પ્રમુખ હાજર રહ્યા હતા. પ્રમુખ કિરીટભાઈએ બુથ સશક્તિકરણ માટે ખાસ કરીને આબીજી વખત મીટીંગ બોલાવી શકિત કેન્દ્રથી લઈ છેટ પેઈજ સમિતિ સુધીનું સત્યાપન કરી બુથ કેમ મજબૂત થાય અને તેની અગત્યતા સમજાવી સુસારૂ સંગઠન માટે સરલ એપ ડાઉનલોડ કરી પોતાના ફોર્મ ભરવાની પણ સમજ આપવામાં આવી અને સાથે લોકસભા ચૂંટણી માટેની તૈયારીઓમાં લાગી જવા આહવાન કરેલ હતું. આગામી તારીખમાં આપણા દેશના ગૃહ પ્રધાન અમિત શાહ જૂનાગઢ જિલ્લામાં આવતા હોય તેમને સન્માનવા તમામ કાર્યકર્તાઓએ હાજર રહેવા આમંત્રણ પણ આપવામાં આવેલ હતું.

## ખંભાળિયા નજીક ક્રેટા તથા વેગન-આર મોટરકાર વચ્ચે અકસ્માતમાં વઢવાણના આધેડનું મૃત્યું

જામખંભાળિયા તા.૧૪ ખંભાળિયા નજીકના દ્વારકા-જામનગર હાઈવે ઉપર અત્રેથી આશરે બે કિલોમીટર દૂર મઢુલી હોટલ સામેથી રાત્રિના એકાદ વાગ્યાના સમયે દ્વારકા દર્શનાર્થે જતા સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ ખાતે રહેતા પ્રવીણભાઈ ઈશ્વરભાઈ દુધરેજીયા નામના ૫૫ વર્ષના આધેડનુ મૃત્યુ થયું છે.

## અવસાન નોંધ

કોડીનાર : મુળ દ્વારકા(મઠ) નિવાસી મહંત ઓમકારદાસ ધર્મદાસ લશ્કરી (ઉ.વ.૮૧) તે અશ્વિનભાઈ યોગાનંદીના મોટાભાઈ તથા ચૈતન્ય લશ્કરી, જીગ્નેશ લશ્કરી મોના અને કૃપાલીના પિતાશ્રી તેમજ ધવલ યોગાનંદી અને ધારા તથા પાયલના મોટા બાપુજી, તા.૧૩-૩-૨૦૨૩ને સોમવારના રોજ સ્વર્ગવાસીથયા છે. સદગતનુંબેસણું તા.૧૬-૩-૨૦૨૩ના રોજ સાંજે ૪ થી ૬ વાગ્યે તેમના નિવાસસ્થાન દ્વારકાધીશ મંદિર મૂળ દ્વારકા(મઠ) ખાતે રાખવામાં આવેલ છે.

Editor, Printer, Publisher and Owner : Abhijeet K. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# આસામ સરકારના મેખલા સાડીની આયાત પર પ્રતિબંધથી સુરતના કાપડ ઉદ્યોગને ગંભીર અસર

આસામ સરકારે હાલમાં જ સુરતમાં બનતી મેખલા સાડીની આયાત પર પ્રતિબંધ લાદી દીધો છે. આ નિર્ણયના કારણે સુરતના કાપડના વેપારીઓની ચિંતા વધી છે. આસામ સરકાર દ્વારા ૧ માર્ચથી ૧૪ એપ્રિલ સુધી ગુજરાતમાં પાવરલૂમ્સમાંથી બનતી મેખલા સાડી, ગામોસા, અરોનાઈ અને અન્ય પરંપરાગત રીતે હાથથી વણાયેલા કાપડના વેચાણ પર પ્રતિબંધ લાદ્યો છે. એકરાજ્ય દ્વારા અન્ય રાજ્યની પ્રોડક્ટ પર પ્રતિબંધ મૂક્યો હોય તેવી આ કદાચ પ્રથમ ઘટના છે. આસામ સરકારના નિર્ણયથી સુરતના વેપારીઓને હજારો કરોડ રૂપિયાનું નુકસાન થવાની શક્યતા જોવાઈ છે. સુરતમાંથી બનેલી મેખલા સાડીની વધુ માગ છે, કારણ કે તે સસ્તી છે. ૧૪મી એપ્રિલથી શરૂ થતા બિહુ ઉત્સવ પહેલાં વસ્ત્રોની ભારે માગ છે. આસામના હેન્ડલૂમ વણકરો દ્વારા પરંપરાગત રીતે બનાવેલી મેખલા સાડી ૩,૦૦૦થી ૪,૦૦૦માં વેચાય છે. જોકે, સુરતના કાપડના વેપારીઓ દ્વારા પાવરલૂમ પર બનાવેલી મેખલા સાડી સસ્તી છે અને લગભગ ૫૦૦થી ૬૦૦માં વેચાય છે. સુરતમાં ૧૭૦ કાપડ બજારોમાં આશરે ૬૫,૦૦૦ કાપડની દુકાનો છે જે એક લાખથી વધુ લોકોને રોજગારી પૂરી પાડે છે. પ્રતિબંધને પગલે આશરે ૧૦૦ કરોડનું નુકસાન થઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે સુરતમાં આશરે ૩૫૦ જેટલી ટૅક્સટાઈલ ડાઈંગ અને પ્રિન્ટિંગ મિલો છે. ભારતમાં કાપડના કુલઉત્પાદનમાં એકલા સુરતનો હિસ્સો ૪૦ ટકા છે. આસામના પરંપરાગત વણકરો સિલ્ક અને ખાદીનો ઉપયોગ કરે છે. સુરતમાં પૉલિસ્ટર, કૉટન, નાયલોન અને કોટા યાર્નનો ઉપયોગથી મેખલા સાડી બને છે. મેખલા સાડી આસામના પરંપરાગત પોશાકમાં સ્થાન ધરાવે છે. આસામ સિવાય સુરતમાં આ સાડીનું મોટા પાયે ઉત્પાદન થાય છે.

સુરતમાં લગભગ ૫ હજારથી વધુ વેપારીઓ આ સાડીની નિકાસ કરે છે. મેખલા સાડી આસામમાં હેન્ડલૂમ પર બને છે, પરંતુ સુરતમાં વર્ષોથી આ સાડી બને છે. સુરતમાં આ સાડી સાદાલૂમ અને રેપિયરલૂમ પર પણ બને છે. આ પ્રતિબંધ ઈન્ટર સ્ટેટ બિઝનેસના સ્પિરિટના વિરુદ્ધ છે, આ પ્રતિબંધ આસામ સરકારે તાત્કાલિક હટાવવો જોઈએ. આસામ માને છે કે પાવરલૂમમાં ઉત્પાદિત 'ગમોસા', 'મેખલા' અને અન્ય ઉત્પાદનો સામે કાર્યવાહી કરે, કેમ કે તેનાથી હૅન્ડલૂમ ઈન્ડસ્ટ્રીને મોટો ખતરો છે. હાલ મેઈન સિઝન હોય છે. આખા વર્ષની જે પણ કમાણી થાય છે, એ આ બે મહિનામાં જ થતી હોય છે, ત્યારે આસામ સરકારે તાત્કાલિક પ્રતિબંધ લાદી દીધો છે. તેથી બધા માલનો સ્ટૉક પડી રહ્યો છે. આસામના સ્થાનિક ઉત્પાદકો અને હેન્ડલૂમ પર કામ કરતી મહિલાઓનાં હિતોનું રક્ષણ કરવાની જરૂર છે. આ પાવરલૂમ ઑપરેટરો માત્ર મેખલા સાડી જ નહીં, પરંતુ આપણા પરંપરાગત ગામોસાનું પણ ઉત્પાદન કરે છે, જેનાથી ગુણવત્તા અને ગુણો સાથે સમાધાન કરાય છે. હીરા અને કાપડના પ્રોસેસિંગ માટે દુનિયાભરમાં જાણીતું સુરત ભારતનાં મહત્ત્વપૂર્ણ આર્થિક કેન્દ્રોમાં ગણાય છે, જે લાખો લોકોને રોજગારી આપે છે. ભારતમાં કાપડના કુલ ઉત્પાદનમાં એકલા સુરતનો હિસ્સો ૪૦ ટકા છે. સુરતમાંથી રૂપિયા ૫૦૦ કરોડથી વધુના કાપડની નિકાસ થાય છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

સત્યપ્રતિજ્ઞા શ્રેષ્ઠ વ્યક્તિને કટુ વચન અસર કરી શકતા નથી.

- સુભાષિત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.આવા-૧૩૯૨, મુ. શાબાન-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, ફાગણ વદ-૭, તા.૧૪ માર્ચ ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૧, મુસ્લિમ તા.૨૧, અનુરાધા નક્ષત્ર, વજ્ર યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૦૩, સૂ.અ.૬:૫૮

આજનો દિવસ સવારે ૮:૨૦ ક.થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ગૃહસ્થ જીવનમાં આનંદ રહે. વણસેલા સંબંધો સુધરે.
વૃષભ: કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય. રોકાયેલા નાણા છૂટા થાય.
મિથુન: વ્યર્થ ચિંતા દૂર થાય. આનંદપૂર્ણ દિવસ વિતે.
કર્ક: મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકો. તકનો લાભ ઉઠાવજો.
સિંહ: લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. મનની મૂંઝવણ દૂર થાય.
કન્યા: વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. આંધળો વિશ્વાસ મૂકીને કામકરવાની વૃતિ ટાળવી.
તુલા: યશ, માનના ભાગીદાર બનશો. આર્થિક લાભ મળે.
વૃશ્ચિક સ્વભાવમાં ઉગ્રતા રહે. ધારી સફળતામાં વિલંબ રહે.
ધન: મનની મૂંઝવણ મનમાં રહે. વ્યર્થ ક્રોધ રહે.
મકર: અચાનક પ્રવાસ થાય. મહામહેનતે કાર્યોમાં સફળતા મળે.
કુંભ: કાર્યબોજ વિશેષ રહે. શેર-સટ્ટા, લોટરીમાં લાભ મળે.
મીન: આર્થિક લાભ રહે. મનની મુરાદ બર આવે.

# જૂનાગઢ જીલ્લામાં NFSA અને PMGKY હેઠળ છેલ્લા બે વર્ષમાં ૨,૦૩,૪૧૬ મે.ટનથી વધારે અનાજનું જરૂરીયાતમંદોને વિતરણ કરાયું

જૂનાગઢ, તા.૧૪

રાજયના ગરીબો-જરૂરિયાતમંદોને રાહત દરે તેમજ વિનામૂલ્યે અનાજ ઉપલબ્ધ થાય તે માટે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – (NFSA) ૨૦૧૩ તેમજ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના – PMGKY કેન્દ્ર સરકાર દ્વારા અમલી બનાવી છે. ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે છેલ્લા બે વર્ષમાં એટલે કે જાન્યુઆરી ૨૦૨૧થી ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં જૂનાગઢ જિલ્લામાં કુલ ૨,૦૩,૪૧૬.૮૦૭ મેટ્રિક ટન અનાજના જથ્થાનું જરૂરિયાતમંદોને વિતરણ કરવામાં આવ્યું છે, તેમ વિધાનસભા ગૃહમાં તારાંકિત પ્રશ્નોત્તરીમાંપ્રશ્નના જવાબમાં વિગતો આપતા જણાવ્યું હતું. વધુમાં જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં NFSA અને PMGKY અંતર્ગત કેશોદ તાલુકામાં ૨૯,૯૩૦.૭૯૮ મેટ્રિક ટન, જૂનાગઢમાં ૧૭,૭૧૫.૯૪૮ મેટ્રિક ટન, જૂનાગઢ ઝોનલ-૧માં ૧૬,૧૪૩.૬૧ મેટ્રિક ટન, જૂનાગઢ ઝોનલ-૨ માં ૧૫,૨૬૧.૯૨૩ મેટ્રિક ટન, ભેંસાણમાં ૧૦,૧૨૦.૧૭૫, માણાવદરમાં ૧૯,૧૭૩.૪૦૩, માળીયા હટીનામાં ૨૪,૭૬૯.૫૧૩, માંગરોળમાં ૩૩,૧૦૩.૬૩૭, મેંદરડામાં ૧૦,૮૨૦.૨૮૨, વંથલીમાં ૧૪,૦૦૪.૯૩૯ તેમજ વિસાવદર તાલુકામાં ૧૫,૩૭૨.૫૭૯ મેટ્રિક ટન એમ કુલ ૨,૦૩, ૪૧૬.૮૦૭ મેટ્રિક ટન અનાજના જથ્થાનું રાહત દરે-વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યુંછે. ગુજરાતમાં NFSAનો અમલ તા.૧ એપ્રિલ ૨૦૧૬થી જ્યારે PMGKYનો અમલ એપ્રિલ ૨૦૨૦થી કરવામાં આવ્યો છે તેમ જવાબમાં આ અંગે વધુ વિગતો આપી હતી.

# જૂનાગઢ મહાનગર અંતર્ગત સ્વામિ વિવેકાનંદ પ્રખંડનું સંમેલન પીપળેશ્વર મહાદેવ મંદિરે યોજાયું



જૂનાગઢ, તા.૧૪

જૂનાગઢ મહાનગર અંતર્ગત સ્વામિ વિવેકાનંદ પ્રખંડનું સંમેલન પીપળેશ્વર મહાદેવ મંદિરે શ્રી દત્તગિરિ મહારાજના અધ્યક્ષ સ્થાને યોજાયું હતું જેમાં આગામી વિશ્વ હિન્દુ પરિષદને ૬૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા હોય ત્યારે ષષ્ટિપૂર્તિ યોજના અંતર્ગત દરેક વિસ્તારમાં કાર્યકર્તાની સમિતિ પૂર્ણ કરવા આયોજન કરવામાં આવેલ જેમાં સૌરાષ્ટ્ર પ્રાંત ઉપાધ્યક્ષ જૂનાગઢ મહાનગરના અધ્યક્ષ ભરતભાઈ ભીંડી, સૌરાષ્ટ્ર પ્રાંત પ્રચાર પ્રસાર સહ સંયોજક હિરેનભાઈ રૂપારેલીયા, સૌરાષ્ટ્ર પ્રાંતના સત્સંગ ટોળી સદસ્ય જોગીભાઈ કોટેચા, જૂનાગઢ વિભાગના બજરંગ દળ સંયોજક સંદીપભાઈ ઠેસિયા, જૂનાગઢ મહાનગર મંત્રી જયેશભાઈ ખેસવાણી, સહમંત્રી દેવલભાઈ ગોંધીયા, વિપુલભાઈ રાવત, સેવા પ્રમુખ પરાગભાઈ તન્ના, સહ સેવા પ્રમૂખ અંકિતભાઈ જીલકા, કાર્યક્રમના મુખ્ય વક્તા જૂનાગઢ નગર સંઘ સંચાલક રાજેન્દ્રભાઈ પરમાર, સ્વામી વિવેકાનંદ પ્રખંડ પ્રમૂખ રાજેન્દ્રભાઈ જાની, સ્વામી વિવેકાનંદ પ્રખંડ મંત્રી નથુભાઈ આહીર, બજરંગ દળ સંયોજક દેવાંગભાઈ પીપળીયા, ખંડ નં.૧ના મંત્રી તરલભાઈ માંડલિયા, ખંડ.૨ ના મંત્રી હિરેનભાઈ વાઘેલા, સહ મંત્રી હિતેશભાઈ જેઠવા, ખંડ ૪ના મંત્રી અભિજીતભાઈ સાવલીયા, ખંડ ૬ના મંત્રી પ્રતિકભાઈ ચાન્ડેગરા, કા.ક સદસ્ય હિમાંશુભાઈ વાઘેલા, કિશનભાઈ બુહેચા, ઉત્તમભાઈ સોલંકી, અજયસિંહ સોનાગ્રા, વિધતાનગરના, સામાજિક અગ્રણી મંગળુંભાઈ, નિર્વીકભાઈ આહીર, પ્રકાશભાઈ મહેતા તેમજ અન્ય અગ્રણીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેલ આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિપુલભાઈ રાવત દ્વારા કરવામાં આવેલ હતું.

# બાપા સીતારામ ગ્રુપ જૂનાગઢ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



જૂનાગઢ તા. ૧૪

જૂનાગઢ બાપા સીતારામ ગ્રુપની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, ખલીપુર રોડ ઉપર આવેલ જીનીયસ પબ્લિક સ્કૂલ ખાતે સવારે ૯:૦૦ વાગ્યાથી બપોરના ૧૨:૩૦ વાગ્યા સુધી સર્વ રોગ નિદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૧૫૦ થી ૨૦૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં શાશ્વત હોસ્પિટલ દ્વારા ડાયાબિટીસની તપાસ ફ્રીમાં કરી આપવામાં આવી હતી. આ કેમ્પમાં જૂનાગઢના ખ્યાત નામ ડોક્ટરો જેવા કે, ડો.રાહુલ હુંબલ, ડો.ભરત ઝાલાવાડીયા, ડો. જતીન સોલંકી, ડો.દીપક ચુડાસમા, ડો.નૈનેશ ઝાલાવાડીયા, ડો.મૌલિક ભાલોડીયા, ડો.વત્સલ ગોંડલીયા, ડો.જયદીપ ટાંક, ડો.પાર્થ ઠુંમર, ડો.હર્ષાબેન ગાધે, ડો.પૂજાબેન ટાંક (કોયાણી), ડો.તન્વીબેન કાચા, ડો.ચાંદનીબેન સોલંકી, ડો.પલકબેન ઠુંમરે પોતાની સેવા આપેલ હતી. આ કેમ્પને સફળ બનાવવા બાપા સીતારામ ગ્રુપના સંજયભાઈ વાઢેર, અમિતભાઈ મોરવાડિયા, નરેન્દ્રભાઈ રાદડિયા, સંજય બુહેચા, રામદેવભાઈ ખેર, પિયુષભાઈ વાજા, હર્ષિલ દેવમુરારી, સુરેશભાઈ વાઢીયા, ભાવિન ગાવડીયા, હરિભાઈ વાઢેર, મોહનભાઈ ચુડાસમા સહિતનાઓએ ભારે જેહેમત ઉઠાવી હતી. જ્યારે બાબા મિત્ર મંડળના સક્રિય કાર્યકર એવા સમીરભાઈ દતાણી તથા સમીરભાઈ દવે દ્વારા ખાસ ઉપસ્થિત રહિને મહેમાનો માટે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમ યાદીના અંતે જણાવેલ છે.

# માંગરોળ એકતા ફાઉન્ડેશન દ્વારા પરીક્ષાલક્ષી માર્ગદર્શન સેમિનાર યોજાયો

(પ્રતિનિધિ દ્વારા) માંગરોળ, તા.૧૪





માંગરોળ ઘાંચી મુસ્લિમ કોમ્યુનિટી હોલમાં એકતા ફાઉન્ડેશન દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષા અંતર્ગત માર્ગદર્શન અને મોટિવેશનલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પરીક્ષા બાબતે સંપૂર્ણ માહિતી રિઝવાન કોતલ દ્વારા તેમજ મોટિવેશનલ સ્પીચ ધવલ સ્કૂલના જાની દ્વારા આપવામાં આવેલ. વિદ્યાર્થીઓને પરીક્ષા બાબતે મુંઝવતા પ્રશ્નો વિશે પણ ચર્ચાઓ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં એમ.એમ.ઈ.ડબ્લ્યુ સ્કૂલના આચાર્ય હારૂન જેઠવા, ધવલ ઈન્ટરસ્કૂલના હેડ હાર્દિક, કન્યા વિનય મંદિરના શિક્ષકો કમલેશ, ફારૂક બાંગરા તેમજ અંગ્રેજી શિક્ષક ઉંમર ફારૂક ગુજરાતી, લાલબાગ શાળાના આદિલ શેખ, એક્સ આર્મી મેન કાસમ ખાન, એનબી શેખ સ્કૂલના અલતમ્સ શેખે હાજરી આપી હતી અને વિદ્યાર્થીઓને પરીક્ષા લક્ષી માહિતીઓ આપી હતી. આ કાર્યક્રમમાં શહેરના ૫૦૦ જેટલા વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા એકતા ફાઉન્ડેશન શિક્ષણ સમિતિ અને તમામ સભ્યો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# રશિયન ક્રૂડ ઓઈલને લઈને ભારત-ચીન વચ્ચે સ્પર્ધા વધી!..

(જી.એન.એસ)

મોસ્કો,તા.૧૩




રશિયા પાસેથી સસ્તું ક્રૂડ ઓઈલ ખરીદવા માટે ભારતીય રિફાઈનરી કંપનીઓ અને ચીનની કંપનીઓ વચ્ચે જોરદાર સ્પર્ધા ચાલી રહી છે. બંને દેશોની કંપનીઓ વચ્ચે ચાલી રહેલી સ્પર્ધા વચ્ચે રશિયાએ પણ ક્રૂડ ઓઈલની નિકાસમાં ઘટાડો કર્યો છે, જેના કારણે રશિયન ક્રૂડ ઓઈલના ભાવમાં પણ વધારો થયો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ચીન માર્ચ મહિનામાં રશિયા પાસેથી રેકોર્ડ માત્રામાં ક્રૂડ ઓઈલ આયાત કરવા જઈ રહ્યું છે. એપ્રિલ મહિનામાં ભારતીય રિફાઈનરી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને નયારા એનર્જીએ રશિયા પાસેથી ૩૩ ઈએસપીઓ ક્રૂડ કાર્ગોમાંથી પાંચ ખરીદ્યા છે. ભારતીય કંપનીઓએ માર્ચ મહિનામાં માત્ર એક જ કાર્ગો ખરીદ્યો હતો, જે એપ્રિલમાં વધીને પાંચ થઈ ગયો છે. અને નવેમ્બર ૨૦૨૨ માં, ભારતીય કંપનીઓએ રશિયન ક્રૂડ તેલના ત્રણ કાર્ગો ખરીદ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભારતીય કંપનીઓએ દુબઈથી આયાત કરાયેલા ક્રૂડ ઓઈલ કરતા પાંચ ડોલર પ્રતિ બેરલ ઓછા દરે એપ્રિલમાં ડિલિવરી કરવા માટેનું ક્રૂડ ઓઈલ ખરીદ્યું છે. સામાન્ય રીતે ભારતીય રિફાઈનરીઓ રશિયા પાસેથી ડિલિવરીના આધારે ક્રૂડ ઓઈલ ખરીદતી હોય છે અને આ અંતર્ગત ઓઈલ વેચનાર દેશે ઓઈલ ઈન્સ્યોરન્સ, કાર્ગો અને શિપિંગની વ્યવસ્થા કરવાની હોય છે.વધતી માંગને કારણે રશિયન ક્રૂડ ઓઈલના ભાવ પણ વધીને બેરલદીઠ ૬૦થી વધુ થઈ ગયા છે. રશિયન તેલ ખરીદવા માટે ભારતીય અને ચીનની કંપનીઓ વચ્ચે ચાલી રહેલી સ્પર્ધાએ પણ ડિસ્કાઉન્ટમાં ઘટાડો કર્યો છે. જ્યારે માર્ચમાં ડિસ્કાઉન્ટ ઈ૮.૫૦ પ્રતિ બેરલ હતું, તે એપ્રિલમાં ઘટીને ઈ૬.૮૦ પ્રતિ બેરલ થઈ ગયું છે. મહત્વનું છે કે યુક્રેન યુદ્ધના કારણે પશ્ચિમી દેશોએ રશિયા પર કડક પ્રતિબંધો લગાવ્યા છે. આ કારણે રશિયા તેનું ક્રૂડ ઓઈલ ડિસ્કાઉન્ટ રેટ પર વેચી રહ્યું છે. આનો ફાયદો ઉઠાવીને ભારત અને ચીને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની આયાત અનેક ગણી વધારી દીધી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ વર્ષે ફેબ્રુઆરી સુધી ભારતે રશિયા પાસેથી સસ્તું ક્રૂડ ઓઈલ ખરીદીને લગભગ ૩૫ હજાર કરોડ રૂપિયા બચાવ્યા છે. પાછલા નાણાકીય વર્ષમાં, રશિયાથી ભારતની ક્રૂડ ઓઈલની આયાત કુલ આયાતના માત્ર બે ટકા હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૩ના પ્રથમ છ મહિનામાં વધીને ૧૬ ટકા થઈ ગઈ છે. આ સમયગાળા દરમિયાન, ભારતે લગભગ ૨૦ મિલિયન ટન ક્રૂડ ઓઈલની આયાત કરી હતી, જેમાંથી લગભગ ૩.૨ મિલિયન ટન ક્રૂડ ઓઈલ રશિયામાંથી આયાત કરવામાં આવ્યું હતું. ગયા વર્ષે મે મહિનામાં ભારતે રશિયા પાસેથી પ્રતિ બેરલ ૧૬ ડોલરના ડિસ્કાઉન્ટ પર તેલ ખરીદ્યું હતું, જે જૂનમાં ઘટીને ૧૪ ડોલર પ્રતિ બેરલના ડિસ્કાઉન્ટ પર આવી ગયું હતું. જુલાઈમાં તે ઘટીને ૧૨ અને ઓગસ્ટમાં માત્ર ઈ૬ પ્રતિ બેરલ પર આવી ગયું છે.

# હવે ઘઉં ચોખા સિવાય પણ ફ્રીમાં મળશે બીજો સામાન



નવી દિલ્હી, તા.૧૩

રાશનકાર્ડના લાભાર્થીઓ માટે સારા સમાચાર સામે આવ્યા છે. જો તમે પણ ફ્રી રાશન યોજનાનો લાભ લો છો, તો હવે સરકાર તમારા માટે વધુ એક ખાસ યોજના બનાવી રહી છે, જેના હેઠળ તમને ઘઉં, ચોખા અને અન્ય વસ્તુઓ મફતમાં આપવામાં આવશે. આ સાથે અન્ય વસ્તુઓ પણ તમને ખુબ જ ઓછી કિંમતે ઉપલબ્ધ કરાવવામાં આવશે. લાખો પરિવારોને મળશે ફાયદો. ખાદ્ય મંત્રી પાસેથી મળેલી માહિતી મુજબ કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર દ્વારા અનેક સુવિધાઓ આપવામાં આવે છે. આ શ્રેણીમાં, ઉત્તરાખંડ સરકાર ઓછા ભાવે ખાંડ અને મીઠું ઉપરાંત ૨૩ લાખ પરિવારોને મફત રાશન આપવાનું આયોજન કરી રહી છે. આ યોજના માટે બજેટ પ્રસ્તાવ પણ તૈયાર કરવામાં આવ્યો છે. તેને કેબિનેટમાં રજૂ કરવામાં આવશે. આ યોજના લાગુ કર્યા પછી, રાજ્યને લગભગ ૬૫ લાખ કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ આવશે. મીડિયાને માહિતી આપતા ખાદ્ય મંત્રીએ કહ્યું કે વર્ષ ૨૦૨૩માં કેન્દ્ર સરકારે દેશભરના પરિવારોને મફત રાશન આપવાનો નિર્ણય કર્યો છે. લાભાર્થીઓને આખું વર્ષ મફત રાશનનો લાભ મળશે. તમને જણાવી દઈએ કે ખાંડ પર ૧૦ રૂપિયા પ્રતિ કિલો સબસિડી આપવાનું સૂચન કરવામાં આવ્યું છે. આમાં રૂ.૧૫ સુધીનો વધારો થઈ શકે છે. આ સાથે રાજ્ય સરકારે માહિતીઆપતા કહ્યું છે કે જે કાર્ડ ધારકો છેલ્લા ૬ મહિનાથી તેમના કાર્ડ પર રાશન નથી લઈ રહ્યા તેમના કાર્ડ રદ કરી શકાય છે.

# માંગરોળ અર્બન હેલ્થ સેન્ટર ખાતે કિશોરીઓ માટે હેલ્થ કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા. ૧૪



જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે અર્બન હેલ્થ સેન્ટરમાં કિશોરીઓ માટે હેલ્થ કેમ્પનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એક સોથી વધુ તરૂણીઓનું હેલ્થ ચેકઅપ અને લેબોરેટરી ચેકઅપ કરી દવાઓ અને સેનેટરી WOWPEDનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. જૂનાગઢ જીલ્લા અંતર્ગત કાર્યરત માંગરોળ અર્બન હેલ્થ સેન્ટરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો. ડાભી, અર્બનહેલ્થ ઓફિસર ડો.કાજલ ચાવડા, આરબીએસકે ટીમના ડો. ટેકવાની, ડો. જોગીસા તેમજ અર્બન સેન્ટરના ફાર્માસિસ્ટ, સ્ટફનર્સ, એએનએમની બહેનો, આશાવર્કરની બહેનો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવેલ હતો.

# ૨૦ માર્ચે જાપાનના વડાપ્રધાન કિશિદા ભારત આવી રહ્યા છે

નવીદિલ્હી,તા.૧૪ : જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશિદા ૨૦ અને ૨૧ માર્ચે ભારતની સત્તાવાર મુલાકાત કરશે. આ દરમિયાન તેઓ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મહત્વપૂર્ણ વાતચીત કરશે. ટોક્યો અને નવી દિલ્હીમાં યોજાનાર જી૭ અને જી ૨૦ની અધ્યક્ષતા અંગે પોતાની પ્રાથમિકતાઓ અંગે પણ ચર્ચા થશે. રશિયા અને યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધની વચ્ચે બંને વડાપ્રધાનો વચ્ચેની આ વાતચીતને ઘણી મહત્વપૂર્ણ મનાય છે. આ વાતચીત દરમિયાન ચીનને ઘેરવા માટે એક વ્યૂહાત્મક ચર્ચા થવાની પણ અટકળો ચાલી રહી છે. ઉપરાંત બંને નેતાઓ પરસ્પર હિતના દ્વિપક્ષીય અને પ્રાદેશિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે. મળતી માહિતી મુજબ રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે જાપાનના વડાપ્રધાનની ભારત મુલાકાત ઘણી મહત્વની છે. આ મુલાકાત પર દરેકની નજર રહેશે. જાપાનના વડાપ્રધાનની ભારત મુલાકાત ૧૯ માર્ચથી શરૂ થશે, જેમાં તેઓ ૩ દિવસ ભારતમાં રહેશે.

# H1N1 અને H3N2 વાયરસ અંગે રાજ્યના આરોગ્ય મંત્રાલયની ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ

## વાયરસથી ગભરાવવાની નહીં પણ તકેદારી રાખવાની જરૂર : બંને પ્રકારના કેસમાં મૃત્યુદર નહિવત્

ગાંધીનગર, તા.૧૪

રાજયમાં ઈન્ફલુએન્ઝા વાયરસના કારણે લોકોમાં જોવા મળી રહેલા શરદી, ખાંસી, તાવના કેસ સંદર્ભે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે ચિંતા વ્યક્ત કરી છે.

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે આ સંદર્ભે ઈન્ફલુએન્ઝા H3N2થી નાગરિકોને ગભરાવવાની જરૂર નથી તેમ જણાવી રાજ્યની જનતાને તકેદારી રાખવા અનુરોધ કર્યો છે. મંત્રીએ વધુમાં જણાવ્યું કે, હાલમાં રાજ્યમાં જોવા મળતા સીઝનલ ફલુના કેસોમાંથી મુખ્યત્વે H1N1 ટાઈપના જ કેસો જોવા મળ્યા છે. જ્યારે H3N2ના કેસો નહીવત નોંધાયા છે. H1N1 અને H3N2એ ઈન્ફલુએન્ઝા-એ ના ટાઈપ છે. આ બંને પ્રકારના કેસમાં મૃત્યુદર ખૂબ જ ઓછો છે. તાવ અને શરદીના સામાન્ય લક્ષણોમાં સામાન્ય દવા લેવાથી પણ રોગમાં રાહત મળે છે.

રાજયમાં આ વર્ષે તા. ૧૦.૦૩.૨૦૨૩ સુધીમાં ૮૦ સીઝનલફલુના પોઝીટીવ કેસ નોંધાયા જેમાંથી H1N1ના ૭૭ કેસ અને H3N2ના ૩ કેસ જોવા મળ્યા છે. રાજ્યમાં H3N2થી એક પણ મરણ થયેલ નથી તેમ મંત્રીએ જણાવ્યું હતુ. વધુમાં મંત્રીએ કહ્યું કે, રાજયની મેડીકલ કોલેજ અને અન્ય હોસ્પિટલોમાં ઓ.પી.ડી. ઈન્ફલુએન્ઝા વાયરસના કારણે ઓ.પી.ડી. ની સંખ્યામાં કોઈપણ પ્રકારનો મોટો વધારો નોંધાયેલ નથી. રાજ્ય સરકારે અગમચેતીના ભાગરૂપે રોગચાળાને ત્વરીત ઓળખવા અને તે અનુસાર પગલાં ભરવા માટે ઈન્ટીગ્રેટેડ ડીસીઝ સર્વેલન્સ (IDSP) પ્રોજેકટ અમલી બનાવ્યો છે. જેના અંતર્ગત કુલ-૧૬ રોગો જે રોગચાળા માટે મુખ્યત્વે જવાબદાર છે તેનું નિયમિત એટલે કે દૈનિક મોનીટરીંગ કરવામાં આવે છે અને તે મોનીટરીંગના આધારે જરૂરી રોગચાળા અટકાયત પગલાં લેવામાં આવે છે. તેમજ તમામ સીઝનલફલુ કેસોની નામ સાથેની વિગતવાર દૈનિક ધોરણે GERMIS Portalનાં માધ્યમથી મોનીટરીંગ કરવામાં આવે છે.

તા.૨૫.૦૨.૨૦૨૩ના રોજ રાજ્યની તમામ જિલ્લા/ કોર્પોરેશન કક્ષાએ સીઝનલ ફલુના કેસો નોંધાવા પામે ત્યારે રોગઅટકાયતી પગલા લેવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. જેના અંતર્ગત તમામ સિવિલ હોસ્પિટલો અને જનરલ હોસ્પિટલોમાં આઈસોલેશન વોર્ડ, જરૂરી દવાઓ, વેન્ટીલેટર્સ, પી.પી.ઈ. કીટ અને માસ્કનો જથ્થો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ રાખવામાં જણાવાયું હોવાનું મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ. સીઝનલ ફલુની સંભવિત પરિસ્થિતિને અનુલક્ષીને જરૂરી દવાઓ, કેપ્સૂલ. ઓસેલ્ટામાવીર, પી.પી.ઈ. કીટ, એન-૯૫ માસ્ક, ટ્રીપલ લેયર માસ્ક વગેરેના જિલ્લા કક્ષાએ ઉપલબ્ધ જથ્થામાંથી તમામ આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલો ખાતે પુરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ કરાવવા પણ આરોગ્યતંત્રને જણાવવામાં આવ્યું છે.

હાલ રાજ્યમાં ઓસેલ્ટામાવીર (૭૫ મી.ગ્રા., ૩૦ મી.ગ્રા., ૪૫ મી.ગ્રા અને બાળકો માટેની સીરપ) નો કુલ ૨,૭૪,૪૦૦ જેટલો જથ્થો રાજ્યમાં વેરહાઉસ ખાતે ઉપલબ્ધ છે. વધુમાં રાજ્ય સરકાર દ્વારા તા. ૧૧.૦૩.૨૦૨૩ના રોજ રાજય કક્ષાએથી સેટકોમ દ્વારા તબીબી અધિકારીઓ તથા ફીમેલ હેલ્થ વર્કર, ફીમેલ હેલ્થ સુપરવાઈઝર, આશા, આંગણવાડી કાર્યકરોને માર્ગદર્શન, H1N1ના કેસોનો કોન્ટેકટ સર્વે તથા ગાઈડલાઈન મુજબ જરૂરી સારવાર આપવા માટે જાણકારી આપવામાં આવી છે. સીઝનલ ફલુના લક્ષણો ધરાવતા દર્દીઓના ટેસ્ટીંગ માટે રાજ્યની તેર (૧૩) સરકારી લેબોરેટરીઓમાં વિનામુલ્યે ટેસ્ટીંગ સુવિધા તેમજ ૬૦ ખાનગી લેબોરેટરીમાં પણ ટેસ્ટીંગ સુવિધા ઉપલબ્ધ છે હોવાનું મંત્રીએ ઉમેર્યું હતું. સીઝન ફલુના લક્ષણો ધરાવતા દર્દીઓને મહત્તમ પ્રવાહી ખોરાકનો ઉપયોગ કરવા, વારંવાર સાબુથી હાથ ધોવા, માસ્ક પહેરવા, તકેદારી રાખવા આરોગ્યવિભાગ દ્વારા અનુરોધ કરાયો છે.

## હવે બોલવાથી ટ્રેન ટિકિટ બૂક થશે, ફોર્મ ભરવાથી મળશે રાહત

નવી દિલ્હી તા.૧૪

ટ્રેનમાં ટિકિટ બૂક કરાવવા માટે આઈઆરસીટીસીની વેબસાઈટ ઉપર લોગિન કરી સંપૂર્ણ ફોર્મ ભરવાનું હોય છે. જેમાં પેસેન્જરનું નામ અને પ્રવાસના વિવરણની લેખિત માહિતી આપવાની હોય છે. આ દરમ્યાન ટિકિટ બૂક કરવામાં ઘણો સમય લાગી જાય છે. કેટલીક વખત તો આ થાય છે કે, સીટ હોવા છતાં વેટિંગની ટિકિટ મળે છે. પરંતુ હવે ફોર્મ ભરવાની આ કાર્યવાહીથી છૂટકારો મળી શકે છે. કારણ કે, આઈઆરસીટીસી હવે એવું એડવાન્સ ફીચર લાવી રહી છે, જેમાં બોલવાથી ટિકિટ બૂક થઈ જશે. તમે ગૂગલ વોઈસ આસિસ્ટન્ટ અને એમેઝોન એલેક્સાની મદદ લેતા આવી રહ્યા છો અને હવે કેટલાક આ જ રીતે આઈઆરસીટીસીના આ નવા ફીચરનો લાભ ઉઠાવી શકશે. રેલવેએ પ્રવાસીઓને આ ફીચર ઉપલબ્ધ કરાવવાની સંપૂર્ણ તૈયારી કરી લીધી છે.

**ટેસ્ટિંગનું કામ જારી :-** આઈઆરસીટીસીની આગામી વોઈસ-બેસ્ડ ઈ-ટિકિટ બૂકિંગ સુવિધા ઓનલાઈન રિઝર્વેશન ટિકિટ બૂકિંગ પ્રોસેસને સરળ અને ઝડપી બનાવશે. આઈઆરસીટીસી હાલમાં પોતાના એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) પ્લેટફોર્મ ઉપર આ દિશામાં આગળ વધી રહી છે. રિપોર્ટ મુજબ ટ્રાયલનો પ્રથમ તબક્કો સફળ રહ્યો છે. આ ફીચરને રોલઆઉટ કરતા પહેલા આઈઆરસીટીસી દ્વારા જલ્દી વધુ કેટલાક પગલાં ભરવાની આશા છે. જણાવવામાં આવ્યું છે કે, આઈઆરસીટીસી ૩ મહિનાની અંદર AskDisha સુવિધા રજૂ કરી શકે છે.

# એડમિશનની સિઝન દરમ્યાન તબીબી શિક્ષણના કેસોમાં શા માટે વધારો થાય છે ?

મુંબઈ, તા.૧૪

ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી વાય ચંદ્રચુડે, દિલ્હીની એક હોસ્પિટલમાં તાજેતરના એક કાર્યક્રમમાં તબીબી શિક્ષણમાં સુધારાની હાંકલ કરી હતી અને સુપ્રીમ કોર્ટમાં તેવા કેસોની સંખ્યામાં વધારાનો ઉલ્લેખ કર્યો હતો. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની છત્ર સંસ્થા હેઠળ આરોગ્ય સેવાઓના જનરલ ડિરેક્ટોરેટ મેડિકલ કાઉન્સેલિંગ કમિટી (એમસીસી) ને દર વર્ષે લગભગ ૪૦૦ કેસોનો સામનો કરવો પડે છે. ઉચ્ચ અદાલતોથી લઈને સર્વોચ્ચ અદાલત સુધી, પ્રવેશની મોસમમાં ડોક્ટરો બનવાની અભિલાષા ધરાવતા વિદ્યાર્થીઓથી લઈને નિષ્ણાતો અને સુપર-સ્પેશિયાલિસ્ટ બનવાની ઈચ્છા ધરાવતા ડોકટરો સુધીના મુકદ્દમાઓ દાખલ કરવામાં આવે છે. દાખલા તરીકે, અંડરગ્રેજ્યુએટ કોર્સ માટે નેશનલ એલિજિબિલિટી એન્ડ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET) છેલ્લાં ચાર વર્ષમાં, પરીક્ષા માટે નોંધણી કરાવનારા MBBS ઉમેદવારોની સંખ્યામાં લગભગ ૨૫%નો વધારો થયો છે. ૨૦૨૨માં લગભગ ૧૭.૬ લાખ વિદ્યાર્થીઓએ NEET-UG માટે પરીક્ષા આપી હતી, જે કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે સૌથી વધુ સંખ્યા છે. તેનાથી વિપરિત, એન્જીનીયરીંગ (JEE-મેઈન માટે રજીસ્ટ્રેશન) માટેના ઉમેદવારોની સંખ્યા અનુરૂપ ચાર વર્ષમાં ઘટીને ૨૦૧૯માં ૧૧.૫ લાખથી ૨૦૨૨માં ૯.૦૫ લાખ થઈ ગઈ છે. પીજી લેવલ ઉપર સીટોની સંખ્યા ઘટતી જાય છે. નીચલા ક્રમના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધા છે. મુકદ્દમામાં પાત્રતાના મુદ્દા પણ ચિંતાનો વિષય છે. ફેડરેશન ઑફ રેસિડેન્ટ ડૉક્ટર્સ એસોસિએશનના ડૉ. અવિરલ માથુરે જણાવ્યું હતું કે, ત્રણ કલાકની એક પરીક્ષા તમારા કારકિર્દીના માર્ગને વ્યાખ્યાયિત કરી શકતી નથી, પરંતુ કમનસીબે તે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. મહારાષ્ટ્રના મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ડિરેક્ટોરેટના પૂર્વ ડિરેક્ટર ડૉ. પ્રવિણ શિંગારે કહે છે કે, NEET-PG માટે વધુ વિદ્યાર્થીઓ હોય છે. PG અને UG કેસનો ગુણોત્તર ૯:૧ હોઈ શકે છે. સામાન્ય રીતે એવી લાગણી છે કે માત્ર MBBS ડિગ્રીનું કોઈ મહત્વ નથી. તેમની એક વર્ષની ઈન્ટર્નશિપ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે, મોટા ભાગના વિદ્યાર્થીઓ NEETની તૈયારીમાં સમય વિતાવે છે અને તેમના ઈન્ટર્નશિપ પ્રમાણપત્રમાં ચાલાકી કરે છે અને જો વિદ્યાર્થીઓ તકનીકી મુદ્દા ઉપર તેમની બેઠક ગુમાવે છે, તો તેઓ એક વર્ષ ગુમાવવા કરતાં કોર્ટમાં જવાનું પસંદ કરે છે. હજારો વિદ્યાર્થીઓ NEET-PGમાં હાજર થયા હોવા છતાં, અદાલતોમાં છેલ્લા અઠવાડિયા સુધી પરીક્ષાને મુલતવી રાખવાની માંગણી કરતી અનેક અરજીઓ આવી છે. બધા માટે એક કેન્દ્રીય પરીક્ષા હોવા છતાં, વિવિધ રાજ્યો દ્વારા અનુસરવામાં આવતા સમયપત્રકમાં કોઈ એકરૂપતા નથી. વિદ્યાર્થીઓએ પીજી સીટ માટે પાત્ર બનવા માટે ફરજિયાતપણે તેમની ઈન્ટર્નશિપ પૂર્ણ કરવી પડશે, પરંતુ રાજ્યોમાં ઈન્ટર્નશિપની સમયમર્યાદા અલગ છે. માર્ચમાં પરીક્ષા પૂરી કરવાનો અને કાઉન્સેલિંગ રાઉન્ડ માટે જુલાઈ સુધી રાહ જોવાનો અર્થ શું છે ? આવા નીતિવિષયક નિર્ણયો વિદ્યાર્થી માટે મૈત્રીપૂર્ણ હોતા નથી અને તેથી આ વિરોધનો સામનો કરવો પડે છે. પૂર્વ સભ્ય (બોર્ડ ઓફ ગવર્નર), પૂર્વ મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને ટાટા મેમોરિયલ હોસ્પિટલના ડીન (પ્રોજેક્ટ્સ) ડૉ. કૈલાશ શર્માએ જણાવ્યું હતું કે, ભારત સરકારના MCC તરફથી નેશનલ મેડિકલ કમિશન તરફથી સ્પષ્ટતાની અપેક્ષા રાખવામાં આવે છે. નીચલી અદાલતોમાં સમાન કેસોને સર્વોચ્ચ અદાલત દ્વારા સંયુક્ત રીતે સાંભળવા જોઈએ જેથી દરેક કેસમાં સમય બચી શકે. દરમ્યાન આ એક જટિલ પ્રવેશ પ્રક્રિયા છે જેના લીધે મેડિકલ એજ્યુકેશન કાઉન્સેલર્સ નામનો ઉદ્યોગ વિકસી રહ્યો છે. કેઈએમના પ્રોફેસર ડૉ. મિલિન્દ નવલાખેએ જણાવ્યું હતું કે, ૧૮ વર્ષની વયના વ્યક્તિ માટે પોતાની જાતે જ આ પ્રક્રિયાને મેનેજ કરવી મુશ્કેલ છે કારણ કે આ પ્રક્રિયા જટિલ છે.

## રાજસ્થાનના આગામી મુખ્યમંત્રી જાટ સમુદાયના હોવા જોઈએ, OBC ક્વોટા વધારીને ૨૭ ટકા કરવાની માંગ : જાટ મહાકુંભ

બિકાનેર તા.૧૪

ઉત્તર ભારતના તમામ ભાગોના જાટ સમુદાયના લોકોના એક મંડળ, જાટ મહાકુંભ દ્વારા માંગ કરવામાં આવી હતી કે રાજય સરકારે અન્ય પછાત વર્ગ (ઓબીસી) અનામતની મર્યાદા વધારીને ૨૭ ટકા કરવી જોઈએ, અને તે ઉપરાંત જાટને રાજ્યના મુખ્યમંત્રી બનવા માગતા પણ અનામત આપવું જોઈએ. વિદ્યાધર નગર સ્ટેડિયમમાં યોજાયેલા જાટ મહાકુંભમાં ખેડૂત નેતાઓ રાકેશ ટિકૈત, યુદ્ધવીરસિંહ, સાંસદો, ધારાસભ્યો અને રાજ્યસરકારના મંત્રીઓએ હાજરી આપી હતી. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્ય એગ્રો ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બોર્ડના અધ્યક્ષ રામેશ્વર ડુડીએ કહ્યું કે, આજે પણ અમારી માંગ છે કે આગામી મુખ્યમંત્રી જાટ હોવા જોઈએ. અમને મુખ્ય પ્રધાનની બેઠક જોઈએ છે, બે નંબરનું સ્થાન નહીં.

બિકાનેર જિલ્લાના નોખા વિધાનસભા મતવિસ્તારમાંથી અગાઉની વિધાનસભા ચૂંટણી હારી ગયેલા ડુડીએ સૂચન કર્યું કે જાટોએ એકબીજાના પગ ખેંચવાની આદત છોડી દેવી જોઈએ. રાકેશ ટિકૈતે ખેડૂતોને આહવાન કર્યું કે તેઓ આંદોલન માટે તૈયાર રહે કારણ કે સરકારે ૧૦ વર્ષ જૂના ટ્રેક્ટરનો ઉપયોગ બંધ કરવાનો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું કે, આપણે ફરી એકવાર આંદોલન કરવું પડશે. હું ૨૩ વર્ષ પહેલા અહીં આવ્યો હતો. આજે ફરી આવ્યો છું.

આપણા સમાજને એક થવાની જરૂર છે. વન મંત્રી હેમારામ ચૌધરીએ કટાક્ષ કરતાં કહ્યું કે, રાજસ્થાનમાં મંત્રીઓને કેટલા અધિકારો છે? સમાજ પ્રશ્નો પૂછે છે પણ પ્રશ્ન એ પણ છે કે મંત્રીને ખબર છે કે મંત્રીના હાથમાં કેટલા અધિકારો છે.

# ભારતના વકીલો શા માટે મૌન રહે છે ? હું ઈચ્છું છું કે તેમણે અવાજ ઉઠાવવો જોઈએ : કપિલ સિબ્બલ



નવી દિલ્હી તા.૧૪

ભૂતપૂર્વ કેન્દ્રીય કાયદા પ્રધાન અને વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે તાજેતરમાં 'ઈન્સાફ કે સિપાહી' નામનું પ્લેટફોર્મ શરૂ કર્યું છે જે અન્યાય સામે લડવા માટેની એક લોકચળવળ છે. આ મુલાકાતમાં, સિબ્બલ આ પ્લેટફોર્મના વિચાર, ન્યાયાધીશોની નિમણૂક, વર્તમાન શાસન દ્વારા સંસ્થાઓનો દુરૂપયોગ વિશે વાત કરે છે. નીચે આ મુલાકાતના સંપાદિત અંશો આપવામાં આવ્યા છે.

**પ્રશ્ન : તમે તાજેતરમાં ઈન્સાફ કે સિપાહી નામનું એક પ્લેટફોર્મ શરૂ કર્યું છે, આ પ્લેટફોર્મ પાછળનો હેતુ શું છે ?**

હું વાસ્તવમાં છેલ્લા દોઢ વર્ષથી આ વિચારી રહ્યો છું કે આ દેશમાં ૨૦૧૪થી અત્યાર સુધી જે પ્રકારનો અન્યાય થયો છે, તે મેં પહેલાં ક્યારેય જોયો નથી. જે પ્રકારનો અન્યાય કોર્ટના કેસોમાં પ્રતિબિંબિત થાય છે, તે મેં મારા વ્યવસાયમાં છેલ્લા ૫૦ વર્ષમાં જોયો નથી. હું વ્યક્તિગત સ્તરે આ અન્યાયને સમજી શકું છું, પરંતુ હવે મને લાગે છે કે આ અન્યાયને આચરવા માટે સરકાર દ્વારા આ દેશના સંસ્થાકીય માળખાનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેથી, આ દેશનું લોકતાંત્રિક માળખું દરેક સ્તરે ધીમે ધીમે તૂટી રહ્યો છે, તેને તોડી નાખવામાં આવી રહ્યો છે. તેથી, મેં વિચાર્યું કે હું એવું શું કરી શકું, જેનો કોઈ વિરોધ કરે નહીં. જો હું રાજકીય પક્ષ બનાવીશ તો તેનો વિરોધ થશે. જો હું અન્ય રાજકીય પક્ષમાં જોડાઈશ, તો તેઓ કહેશે કે મને ખરીદી લેવામાં આવ્યો છે. તેથી, મને ઈન્સાફ કે સિપાહી શરૂ કરવાનો વિચાર આવ્યો. ઈન્સાફ (ન્યાય) આપણા બંધારણનો પાયો પણ છે. પ્રસ્તાવના ન્યાય વિશે વાત કરે છે. આર્થિક, સામાજિક અને રાજકીય. કોઈ આનો વિરોધ કરી શકે નહીં. શું કોઈ એવું કહી શકે કે "ના, અમને ન્યાય જોઈતો નથી"? લોકો માટે એક થવું અને અન્યાય સામે લડવું એ એક સકારાત્મક એજન્ડા છે. મેં insaafkesipahi.co.in નામની વેબસાઈટ પણ બનાવી છે. દેશમાં કોઈપણ વ્યક્તિ તેના ઉપર ક્લિક કરીને "ઈન્સાફ કા સિપહી" બની શકે છે.

**પ્રશ્ન : શું આ વકીલની ચળવળનો હેતુ છે?**

હા! ભારતમાં વકીલો કેમ ચૂપ છે? તેમાંના કેટલાકનું રાજનીતિકરણ કરવામાં આવ્યું છે, હું તે સમજી શકું છું, પરંતુ તેમાંના મોટા ભાગના રાજકારણ સાથે નથી. તેઓ હજુ પણ ન્યાયના કારણ સાથે જોડાયેલા છે. હું તેમને બોલવાનું કહેવા માંગુ છું. તે કરવાની એક રીત તેમના માટે આ પ્લેટફોર્મમાં જોડાવવાની છે. ભાજપ કેવી રીતે એક ઉચ્ચ બળ બની ગયું છે? કારણ કે વિસ્તારના સામાન્ય લોકો આરએસએસ દ્વારા પ્રચારિત વિચારધારા સાથે જોડાયેલા છે. આવું જ એવા લોકો સાથે થઈ શકે છે જેઓ તેમના વિસ્તારમાં ઈન્સાફ કા સિપાહી બન્યા છે. તે વિસ્તારની અંદર, વાસ્તવમાં અન્યાય સામે પ્રતિબિંદુ બની શકે છે.

**પ્રશ્ન : આ પ્લેટફોર્મ અન્યાયને કેવી રીતે સંબોધશે ? શું આપણી પાસે પહેલાથી જ તેના માટે કોર્ટ સિસ્ટમ નથી ?**

તે અનેક સ્તરે કામ કરે છે, કારણ કે તે વિકેન્દ્રિત છે. ભૂતપૂર્વ કેબિનેટ સચિવ કે એમ ચંદ્રશેખરે મને ફોન કર્યો અને કહ્યું કે તેઓ ઈન્સાફ કા સિપાહી બની ગયા છે. તમામ ક્ષેત્રના લોકો આ કાર્યક્રમનો ભાગ બની શકે છે. તેઓ, વિકેન્દ્રિત સ્તરે આચરવામાં આવેલ અન્યાય માટે તેઓ જે કરી શકે તે મુજબ પ્રયાસ કરી શકે છે. તે કેન્દ્રિય ચળવળ નથી. હું દેશભરમાં લાખો લોકોના અન્યાયનો સામનો કરી શકું નહીં. ઈન્સાફ કે સિપાહી અન્યાયના નિવારણ માટે મોફ્યુસિલ કોર્ટમાં જશે. અમારી પાસે અહીં મારા સહિત અનેક વકીલો છે, જેઓ તેના માટે લડશે.

**પ્રશ્ન : તમે લાંબા સમયથી સંસદસભ્ય અને વકીલ રહ્યા છો, તમને કઈ ભૂમિકા સૌથી વધુ પસંદ છે ?**

હું માત્ર સંસદ સભ્ય કે વકીલ જ નથી. હું કવિતા પણ લખું છું. હું યુનિવર્સિટીમાં ભણાવતો હતો. મને ભણાવવાનો શોખ હતો. જ્યારે હું કોર્ટમાં હોઉં ત્યારે મને વકીલ બનવું ગમે છે અને તમે જોશો કે હું ક્યારેય મારી રાજનીતિને કોર્ટમાં લાવતો નથી. જ્યારે હું કોર્ટની બહાર હોઉં છું, ત્યારે હું રાજકારણી હોઉં છું, હું ક્યારેય તેમાં કાયદો લાવતો નથી.

**પ્રશ્ન : તમે કહ્યું કે તમે રાજકારણને કોર્ટમાં લાવતા નથી. તે સંદર્ભમાં, તમે કેન્દ્ર સરકાર વિરૂદ્ધના કેસોમાં સૌથી વધુ ઇચ્છિત વકીલો પૈકી એક છો. શું તે તમે લીધેલા સભાન નિર્ણયનું પરિણામ છે ?**

હું હંમેશા નાગરિકો માટે લડત આપતો રહ્યો છું. જો તમે મારી કાયદાકીય કારકિર્દીનો ઈતિહાસ જુઓ, તો હું ભાગ્યે જ ક્યારેય રાજય માટે વકીલ રહ્યો છું. આપણી પાસે બંધારણ શા માટે છે? અમારી પાસે અદાલતો શા માટે છે? રાજ્ય એ સત્તાનું પ્રતીક છે. જો તમે સત્તાના પક્ષમાં છો, તો તમે પીડિતને રક્ષણ આપતા નથી. દરેક વકીલ પ્રથમ પોતાના મનમાં વિચારે છે કે તેની ફરજ, આખરે પીડિતની સુરક્ષા કરવાની છે, કારણ કે શક્તિશાળી હંમેશા પોતાનું રક્ષણ કરી શકે છે. રાજ્ય ખૂબ જ શક્તિશાળી છે. પરંતુ બહુ ઓછા લોકો રાજ્ય સામે લડી શકે છે. એક પીડિત જેની પાસે રાજ્ય સામે લડવાનું કોઈ સાધન નથી, તેની મદદે વકીલ સિવાય કોણ આવશે? વાત માત્ર આ કેન્દ્ર સરકારની નથી, તે કોઈપણ કેન્દ્ર સરકારની છે. પરંતુ મેં જે પ્રકારના અન્યાય હાલમાં જોયા છે, જે મેં મારા જીવનમાં પહેલાં ક્યારેય જોયા નથી.

**પ્રશ્ન : તમે ન્યાયાધીશોની નિમણૂકની કઈ સિસ્ટમની ભલામણ કરો છો ?**

કેન્દ્ર સરકારે પહેલાથી જ અન્ય તમામ સંસ્થાઓને કબજે કરી લીધી છે. ન્યાયતંત્ર સ્વતંત્રતાનો છેલ્લો કિલ્લો છે જે કબ્જે કરવાનો બાકી છે. મને લાગે છે કે બંને સિસ્ટમમાં તેમની કામગીરીમાં ખામીઓ છે. હું ન્યાયાધીશોની નિમણૂકમાં સરકારની છેલ્લી વાતની વિરૂદ્ધ છું.ર કોલેજિયમ સિસ્ટમ જે રીતે કામ કરે છે તેનો પણ હું વિરોધ કરૂં છું. જો સરકાર ન્યાયાધીશોની નિમણૂકની પ્રક્રિયાને અટકાવે છે, તો અદાલતોમાં ઓછા ન્યાયાધીશો રહે છે અને તેઓ તેમના કાર્યો કરી શકતા નથી. તેથી, અદાલતો ઉપર વધુ દબાણ રહે છે. સૌથી ખરાબ વાત એ છે કે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશો સુપ્રીમ કોર્ટમાં આવવાનું વિચારી રહ્યા છે. તે માટે સરકાર અને કોર્ટ બંને તેમની પડખે હોવા જોઈએ. અત્યારે મને લાગે છે કે કોલેજિયમ સિસ્ટમને પ્રાધાન્ય આપવું જોઈએ.

**પ્રશ્ન : તમે તાજેતરમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને "કેન્દ્રનું વેલેન્ટાઇન" કહી છે. સંસ્થા તરીકે વર્ષોથી ED કેવી રીતે બદલાઈ છે ?**

ED દ્વારા ચાલી રહેલી ૧૨૧ કાર્યવાહીમાંથી ૧૧૫ રાજકીય વિરોધીઓ પ્રત્યે છે. જો તમે ૨૦૧૪ પહેલાના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના ઈતિહાસ ઉપર નજર નાખો, તો એવો કોઈ ડેટા ઉપલબ્ધ નથી જે તમને જણાવે કે તેના તમામ કેસો વિરોધ પક્ષો વિરૂધ્ધ છે. ED દ્વારા ચાલી રહેલી ૧૨૧ કાર્યવાહીમાંથી ૧૧૫ રાજકીય વિરોધીઓ વિરૂદ્ધ છે. આવું પહેલા ક્યારેય બન્યું ર નથી. EDની તમામ કાર્યવાહીમાંથી ૯૫% વિપક્ષની વિરૂદ્ધ છે. તમે ભાજપ સરકારમાં એક એવા મંત્રીનું નામ લો, કાં તો રાજ્ય સ્તરે અથવા કેન્દ્ર સ્તરે, જેની સામે ED દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. અથવા કેટલાક એવા મહાન ઉદ્યોગપતિઓ જેઓ પાર્ટીના મહાન મિત્રો છે, શું ક્યારેય ED એ તેમની તપાસ કરી છે, શું CBI એ ક્યારેય તેમની તપાસ કરી છે? આ અન્યાયની સુનામી જેવું છે. તમે દરેક સંસ્થાનો ઉપયોગ એવા લોકોને ટાર્ગેટ કરવા માટે કરો છો જે તમારી વિરૂદ્ધર બોલે છે, પછી તે વિદ્યાર્થીઓ હોય, શિક્ષકો હોય, કલાકારો હોય, પત્રકારો હોય, વકીલો પણ હોય. આ દેશ ક્યાં જઈ રહ્યો છે ? જો આવું ચાલતું રહેશે તો સ્વતંત્રતા કેવી રીતે ટકી શકશે?

**પ્રશ્ન : તાજેતરમાં, જસ્ટિસ રોહિન્ટન નરીમને તેમના ભાષણમાં કહ્યું હતું કે, મારા મિત્ર અરૂણ જેટલી વાણી સ્વાતંત્ર્યની હિમાયત કરતાં હતા, બીબીસી ડોક્યુમેન્ટરી ઉપર પ્રતિબંધના સંદર્ભમાં એ વિશે તમારૂં શું કહેવું છે ?**

ધરણા કરવા, અથવા સરકાર વિરૂદ્ધ બોલવા બદલ UAPA હેઠળ યુવાનો ઉપર કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે તમારી પાસે કઈ સ્વતંત્રતા છે? હું જસ્ટિસ રોહિન્ટનની ભાવનાઓનો આદર કરૂં છું. આ અદાલતે જે સર્વશ્રેષ્ઠ ન્યાયાધીશોનું નિર્માણ કર્યું છે તેમાંથી તેઓ એક છે. હકીકત એ છે કે આ દેશમાં સ્વતંત્રતાઓને કચડી નાખવામાં આવી રહી છે અને આપણે તે રાજ્ય સામે લડવું જોઈએ જે આપણા જીવનના દરેક પાસાઓ પર પ્રભુત્વ મેળવવા માંગે છે. જ્યારે તમે વાણી સ્વાતંત્ર્ય વિશે વાત કરો છો, ત્યારે તમારી પાસે શું સ્વતંત્રતા છે જ્યારે વિદ્યાર્થીઓ પર ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) હેઠળ ધરણા કરવા બદલ, સરકાર વિરૂદ્ધ બોલવા બદલ કાર્યવાહી કરવામાં આવે છે? તમે કઈ વાણી સ્વાતંત્ર્યની વાત કરો છો?

**પ્રશ્ન : તમે તાજેતરમાં સુપ્રીમ કોર્ટમાં કાનૂની વ્યવસાયમાં હોવાના ૫૦ વર્ષની ઉજવણી કરી છે. તમે ૭૦-૮૦ના દાયકાની સર્વોચ્ચ અદાલતને તેના આજના અવતાર સાથે કેવી રીતે સરખાવશો ?**

બધું બદલાઈ ગયું છે. દુનિયા બદલાઈ ગઈ છે. વાતાવરણ બદલાયું છે. મૂલ્યો બદલાઈ ગયા છે. કોમોડિટી આપણા જીવનનું કેન્દ્ર છે. પ્રાપ્તિ, ચીજવસ્તુઓ, લોભ, આજકાલ આપણી માનવીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. તમે જુઓ છો કે તે આપણા આર્થિક માળખામાં શું થઈ રહ્યું છે. આ દેશમાં ૧૦૦ લોકો પાસે રૂા.૫૪ લાખ કરોડની સંપત્તિ છે, જે અમારી સરકારના ૧૮ મહિનાના કામકાજને આવરી લેશે. આ દેશના ૧૦ લોકો પાસે ૨૫ લાખ કરોડ રૂપિયાની સંપત્તિ છે. આપણે ગરીબી વધારી રહ્યા છીએ પરંતુ વધુ અબજોપતિઓ પેદા કરી રહ્યા છીએ. એક રાષ્ટ્ર તરીકે આપણે ક્યાં જઈ રહ્યા છીએ? પરંતુ તમે તેને મદદ કરી શકતા નથી કારણ કે મૂલ્ય અને સિસ્ટમ બદલાઈ ગઈ છે. આ સિસ્ટમમાં, તમે કેવી રીતે ખાતરી કરશો કે અમારા બાળકો યોગ્ય દિશામાં આગળ વધશે? ભવિષ્ય માટે તે એક મોટો પડકાર છે. મને લાગે છે કે આપણે તેને ખૂબ જ ગંભીરતાથી સંબોધવાની જરૂર છે. ન્યાયાધીશો પાસે હવે ખરેખર આ બાબતો વિશે વિચારવાનો સમય નથી, તેથી જ ઘણા બધા ચુકાદાઓ માટે સમીક્ષાઓ માંગવામાં આવે છે. સુપ્રીમ કોર્ટ ધરમૂળથી બદલાઈ ગઈ છે. પ્રથમ, ત્યાં ઘણા બધા ન્યાયાધીશો છે. જ્યારે મેં પ્રેક્ટિસ શરૂ કરી ત્યારે માત્ર ૧૧ જજ હતા. મુકદમાનું સ્વરૂપ બદલાયું છે, વિવાદોનું સ્વરૂપ બદલાયું છે. આજે એવા કાયદાઓ અમલમાં છે જે તે સમયે ક્યારેય વિચાર્યા પણ ન હતા. ઈન્ટરનેટએ ઘણી બધી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ લાવી છે, જેનો ઉપયોગ હવે ડ્રગના માલિકો, માફિયાઓ અર્થતંત્રને પછાડવા માટે કરી રહ્યા છે. આતંકવાદ વધી રહ્યો છે. કાયદાના નિર્માણ અને ન્યાયનું સ્વરૂપ સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. સમયનો અભાવ, મનના ઉપયોગનો અભાવ, ન્યાયતંત્રને જ નિર્બળ બનાવી રહ્યું છે. પરિવર્તન સારા માટે હોવું જરૂરી છે, પરંતુ આ ક્ષણે એવું લાગતું નથી.

**પ્રશ્ન : તમે તાજેતરમાં પક્ષપલટા વિરોધી કાયદાનો દુરૂપયોગ થઈ રહ્યો છે તે અંગે દલીલ કરી હતી. તમારા મતે, હોર્સ ટ્રેડિંગ અને રાજ્ય સરકારોને પછાડવાના કિસ્સાઓને રોકવા માટે વર્તમાન દસમી સૂચિને કેવી રીતે મજબૂત બનાવી શકાય?**

૧૧મી એ જંતરમંતર ખાતે હું તમને મારા વિચારોનો સંકેત આપીશ કે પક્ષપલટાના સંદર્ભમાં શું કરવું જોઈએ. તેથી જ રાષ્ટ્ર માટેના ભવિષ્યનો એજન્ડાની સકારાત્મક કાર્યસૂચિ રજૂ કરવામાં આવશે.

**પ્રશ્ન : તમે તમારી ખાનગી કાયદાની પ્રેક્ટિસ અને જાહેર જીવન સાથે કેવી રીતે સંતુલિત કરો છો ?**

સમસ્યા એ છે કે, સંસદમાં વાસ્તવમાં એક રચનાત્મક દળ બનવું હવે મને ખૂબ જ મુશ્કેલ લાગે છે, કારણ કે એવા ઘણા લોકો છે જે અન્યાયનો શિકાર છે, જેમને કોર્ટમાં મારી હાજરીની જરૂર છે. કારણ કે હું સંસદનો સ્વતંત્ર સભ્ય છું, હું ઘણી બધી બાબતોને પ્રભાવિત કરવામાં અસમર્થ છું. તેથી, અસ્થાયી રૂપે, મેં કોર્ટમાં લોકોને મદદ કરવાની પસંદગી કરી છે. આશા છે કે સમય આવશે જ્યારે હું સંસદમાં પાછો જઈશ અને ત્યાં નિર્ણય લેવાની પ્રક્રિયાને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરીશ.

**પ્રશ્ન : શું કોઈ પૂર્વ ન્યાયાધીશો ઈન્સાફ કે સિપાહીના સમર્થનમાં તમારી સાથે આવ્યા છે ?**

હા! મેં જસ્ટિસ (નિવૃત્ત) મદન લોકુર સાથે વાતચીત કરી છે. મેં જસ્ટિસ (નિવૃત્ત) દીપક ગુપ્તા સાથે વાતચીત કરી છે. આ ન્યાયાધીશો રાજકારણમાં આવવા માંગતા નથી. મને આશા હતી કે મદન લોકુરજી મારી સાથે આવશે, પરંતુ તેઓ ૧૧ માર્ચે ઉપલબ્ધ નથી. મેં તેમને પ્લેટફોર્મ ઉપર આવવા સમજાવ્યા હોત. મને લાગે છે કે ઘણા ન્યાયાધીશો તેના પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે.

(સૌ. : બાર એન્ડ બેન્ચ.કોમ)

# કોડીનાર પોલીસ ટીમ ઉપર હુમલો કરનાર એક મહિલા સહિત ૬ આરોપીઓની ધરપકડ



(મુગલઅલ્તાફ દ્વારા)
કોડીનાર તા.૧૪

ગઈકાલે સાંજે કોડીનારના કુખ્યાત બુટલેગરને ત્યાં તપાસ અર્થે ગયેલ પોલીસ ટીમ ઉપર જીવલેણ હુમલો કરનાર બુટલેગર અને પરીવારના એક મહિલા સહિત ૬ શખ્સોની પોલીસે ધરપકડ કરી હતી.

બુટલેગર દ્વારા કરાયેલા હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલ પોલીસ કોન્સ.શૈલેષભાઈ બાબરીયાએઆ અંગે નોંધાવેલી ફરીયાદમુજબ કોડીનાર પોલીસ સ્ટેશનમાં મુળજી અરજણ ચુડાસમા સામે દાખલ થયેલ ગુન્હાની તપાસ અર્થે પી.આઈ. આર.એ.ભોજાણી પોલીસ સ્ટાફ સાથે કોડીનારના જીન પ્લોટમાં આવેલ સરગમ ચોકમાં જતા કુખ્યાત બુટલેગર મુળજી અરજન ચુડાસમા અને તેના ભાઈ, પત્ની, ભત્રીજા વગેરેએ એકસંપ કરી ઉશ્કેરાઈ જઈ ગાળો ભાંડી અહિયાં શું કામ આવ્યા છો ? આજે એકેય અહીંથી બચીને જવાના નથી તેમ કહીને મુળજી એ પોલીસની પી.સી.આર. વાનમાં લોખંડની કોશનો જીવલેણ ઘા કરતાં કાચ તોડી લોખંડની કોશ વેનમાં બેસેલા કોન્સ.શૈલેષભાઈ બાબરીયાને માથાના ભાગે કપાળમાં વાગતા અને અન્ય પોલીસ સ્ટાફ બુટલેગર મુળજીને પકડવા જતાં મુળજીના દિકરો જય, ભત્રીજો વિશાલ અને બાબુએ લાકડીઓ લઈ પોલીસ ટીમ ઉપર જેમ ફાવે તેમ ઘા કરતા કોન્સ.હિતેશભાઈને જમણા હાથમાં ઈજા થઈ હતી. જ્યારે મુળજીની પત્ની હંસાબેને મહિલા પોલીસ સાથે ઝપાઝપી કરતા પી.આઈ. આર.એ.ભોજાણી અને હાજર પોલીસ સ્ટાફે આ લોકોને પકડવા જરૂરી બળ વાપરતા પી.આઈ.ભોજાણીને બંને હાથની આંગળીમાં ઈજા થઈ હોવાનું અને બુટલેગર અને તેના પરિવારે પોલીસ વેનના કાચ તોડી નુકશાન કરી ફરજમાં રૂકાવટ કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે આઈ.પી.સી.ની કલમ ૩૦૭, ૩૩૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬ સહિતની કલમો હેઠળ ગુન્હો નોંધી પોલીસે કુખ્યાત બુટલેગર મુળજી અરજણ ચુડાસમા, જય મુળજી ચુડાસમા, મનીષાબેન મુળજી ચુડાસમા, રમેશ અરજણ ચુડાસમા, વિશાલ રમેશ ચુડાસમા અને બાબુ દાદુ ચાવડાને પકડી પાડી વધુ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ ટીમ ઉપર થયેલ હુમલા બાદ ગીર સોમનાથ એસ.પી., ડી.વાય.એસ.પી. સહિતના અધિકારીઓ કોડીનાર દોડી આવ્યા હતા.

**કુખ્યાત બુટલેગર અને તેના ભાઈ સામે કુલ ૪૭ ગુન્હા નોંધાયા છે**

કોડીનારમાં ગઈકાલે મોડી સાંજે કુખ્યાત બુટલેગરને ત્યાં તપાસ અર્થે ગયેલી પોલીસ ટીમ ઉપર બુટલેગર અને તેના પરિવારના સભ્યો દ્વારા કરાયેલા જીવલેણ હુમલામાં સંડોવાયેલા બુટલેગર મુળજી અરજણ ચુડાસમા ઉપર કોડીનાર પોલીસ સ્ટેશનમાં ૨૦૧૩ થી હમણાં સુધીમાં કુલ ૨૦ ગુન્હા નોંધાયા છે, જ્યારે મુળજીના ભાઈ બુટલેગર રમેશ અરજણ ચુડાસમા વિરૂધ્ધ કોડીનાર પોલીસ સ્ટેશનમાં ૨૦૧૪ થી હમણાં સુધીમાં કુલ ૨૭ ગુન્હાઓ નોંધાયેલા છે અને રમેશ ઉપર પાસા પણ થઈ હોવાની માહિતી પોલીસ દ્વારા આપવામાં આવી હતી.

# જૂનાગઢમાં પ્રતિબંધનો ભંગ કરવા બદલ પાંચ આસામીઓને રૂા.૨૨,૫૦૦નો દંડ



જૂનાગઢ તા. ૧૪

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ અંતર્ગત સરકારશ્રી દ્વારા તા.૩૧-૧૨-૨૨ થી ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળી કેરીબેગ ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. સદરહું પ્રતિબંધની અમલવારી માટે જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા નિયમીત ચેકીંગ માટે સ્કવોડ બનાવવામાં આવેલ છે. જીલ્લા કલેકટર અને કમિશ્નર રચીત રાજના માર્ગદર્શન હેઠળ જે.પી. વાજા, નાયબ કમિશ્નર અને એચ.કે. ચુડાસમા ઈલેકટ્રીક ઈજનેર કમ સેનીટેશન સુપ્રિ. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ (સેનીટેશ વિભાગ)ની સુચના મુજબ મનીષ દોષી, જીજ્ઞેશ ઓડેદરા, નયન વાઢીયા, તોફીક મહીડા, રમીઝ સીદીકી દ્વારા જૂનાગઢ શહેરના જુદા જુદા વિસ્તારોમાં ૨૩ જેટલી જગ્યામાં સરકારશ્રીના પ્રતિબંધીત પ્લાસ્ટીક અને સીંગલ યુઝ પ્લાસ્ટીક વગેરેનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ અને ઉપયોગ કરતા ઉત્પાદક/ વેચાણકર્તા અને ઉપયોગ કર્તાને ત્યાં ચેક કરતા જાહેરનામાનો ભંગ કરતા પાંચ આસામીઓ પાસેથી હેલ્થ બાયલોઝ/ પ્લાસ્ટીક બાયલોઝ તથા ન્યુસન્સ અને વહીવટી ચાર્જ પેટે રૂા.૨૨,૫૦૦નો દંડ/ ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

સેનીટેશન સુપ્રિ. એચ.કે. ચુડાસમા દ્વારા જૂનાગઢ શહેરમાં સારી સફાઈ વ્યવસ્થા જાળવવા અને પર્યાવરણની જાળવણી માટે શહેરની જાહેર જનતાનો જાહેરમાં કોઈપણ પ્રકારે ગંદકી કરી જાહેરમાં ન્યુસન્સ ન ફેલાવવા તેમજ કોઈપણ વ્યક્તિને સરકારશ્રીની સુચના મુજબ તા.૩૧-૧૨-૨૨ થી ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળી પ્લાસ્ટીકની કેરીબેગ અને સીંગલ યુઝ પ્લાસ્ટીક વગેરેનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ અને ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. સદરહું પ્રતિબંધની અમલવારી દરેક વ્યક્તિએ કરવી તે નૈતિક ફરજ છે. અન્યથા મહાનગરપાલિકા જૂનાગઢના નિયુકત અધિકારી દ્વારા ગુના મુજબ હેલ્થ અને પ્લાસ્ટીક બાયલોઝ મુજબ દંડ થશે જેની તમામ સંબંધકર્તાને નોંધ લેવા અપીલ કરવામાં આવેલ છે.

### માધવપુરના ઉત્સવ સાથે દ્વારકામાં પણ

# રૂકમણી વિવાહ ઉત્સવની ભવ્ય ઉજવણીના ભાગરૂપે કલેકટરને અધ્યક્ષસ્થાને મળેલ મીટીંગમાં પત્રકારો બાકાત?

**રાજ્ય સરકાર ઉત્સવો પાછળ કરોડો રૂપિયા ખર્ચે છે ત્યારે તેના પ્રચાર કરનાર ચોથી જાગીરની બાદબાકી શા માટે?**



(રાકેશ સામાણી દ્વારા)
દ્વારકા તા. ૧૪

દ્વારકાના સરકીટ હાઉસ ખાતે માધવપુરના ઉત્સવ સાથે દ્વારકામાં પણ આગામી રૂકમણી વિવાહ ઉત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી થાય તેના સુચારૂ આયોજનના ભાગરૂપે જીલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાનો એક મીટીંગ તાજેતરમાં મળેલ હતી. જેમાં શહેરના અમુક માનીતાઓને જ નોતરવામાં આવેલ હતા પરંતુ સમગ્ર ઉત્સવનો બહોળી સંખ્યામાં પ્રચાર-પ્રસાર કરનાર ચોથી જાગીરના પત્રકારોને આ મીટીંગથી બાકાત રાખવામાં આવેલ હતા. જેનાથી દ્વારકા શહેરની પત્રકાર આલમમાં ભારે રોષની લાગણી ફેલાયેલ છે.

દ્વારકામાં જયારે જયારે કોઈ મોટા ઉત્સવો કે અન્ય સરકારી/ અર્ધસરકારી કાર્યક્રમો થવાના હોય ત્યારે કલેકટરથી માંડીને સ્થાનિક અધિકારીઓ પોતાના માનીતા અને મીટીંગમાં હા, જી..હા કરનારાઓને જ તેડાવે છે અને રાગદ્વેષ રાખી ઈરાદાપુર્વક પત્રકારોને બાકાત રાખે છે. આવી ભુલો તો સરકારી અધિકારીઓએ અનેક વખત કરેલી છે.

પત્રકારોને બાકાત રાખવાની ઘટના શું સાબિત કરે છે? શું અધિકારીઓ પોતાનું ધાર્યુ કરવા અને ભુલો છુપાવવા તેમના મળતીયાઓનો બોલાવે છે? કલેકટર દરજજાના અધિકારી પત્રકારોને બાકાત રાખીને શું સાબિત કરવા માંગે છે? કે પછી આવી બાબતોથી જીલ્લા કલેકટર તેમની નીચલી કક્ષાના અધિકારીઓને બાકાત રાખે છે? તે ચર્ચાનો વિષય બન્યો છે.

એકતરફ રાજય સરકાર ઉત્સવોની ઉજવણી માટે કરોડો રૂપિયા ખર્ચેછે ત્યારે તેના પ્રચાર-પ્રસાર માટેની મુખ્ય ભૂમિકા ભજવનારા ચોથી જાગીરના મિડીયા કર્મીઓને મીટીંગમાંથી શા માટે બાકાત રાખવામાં આવેછે? તેની નોંધ રાજય સરકારના ઉચ્ચ અધિકારીઓએ લઈને સંબંધીતોનો કાન પકડવો જોઈએ તેવી પત્રકારોમાંથી માંગ ઉઠવા પામી છે.

# રાજકોટની એઈમ્સ ખાતે અદ્યતન કાર્ડિયોપલ્મોનરી એક્સરસાઈઝ ટેસ્ટ (CPET) મશીનની સુવિધા ઉપલબ્ધ

**શ્વસન તંત્રના રોગોને લગતા અને ફેફસાના દર્દીઓના રોગનું નિદાન કરવું સરળ બનશે**

**નાની ઉંમરે કસરત બાદ આવતા હાર્ટ એટેક, શ્વાસની તકલીફ તેમજ કસરત કરવાની ક્ષમતાને માપવા માટે કાર્ડિયોપલ્મોનરી એક્સરસાઈઝ ઉપયોગી**





(પ્રતિનિધિ દ્વારા)
રાજકોટ તા. ૧૪

રાજકોટ નજીક પરાપીપળીયા ખાતે નિર્માણાધીન ગુજરાતની પ્રથમ એઈમ્સ હોસ્પિટલ ખાતે પહેલી વાર અદ્યતન મશીન દ્વારા કાર્ડિયોપલ્મોનરી એક્સરસાઈઝ ટેસ્ટ કરવામાં આવ્યો હતો. એઈમ્સના ડાયરેકટર અને પલ્મોનરી વિભાગના હેડ ડો. સી.ડી.એસ. કટોચ તેમજ અન્ય ડોકટર્સની ટીમની ઉપસ્થિતિમાં આ ટેસ્ટ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

રાજકોટ એઈમ્સ ખાતે ઓ.પી.ડી. તેમજ ટેલિમેડીસીન સેવાના પ્રારંભ બાદ ઈન્ડોર સેવાનો નજીકના સમયમાં પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ પૂર્વે અદ્યતન મશીન ઉપલબ્ધ બનતા શ્વસન તંત્રના રોગોને લગતા અને ફેફસાના દર્દીઓના રોગનું નિદાન કરવું સરળ બનશે.

ડો. કટોચના જણાવ્યા મુજબ વ્યકતિની કસરત કરવાની ક્ષમતાને માપવા માટે કાર્ડિયોપલ્મોનરી એક્સરસાઈઝ ટેસ્ટ (CPET) નો ઉપયોગ કરવામાં આવે છે. શ્વાસની તકલીફનુ કારણ જાણવા માટે પણ આ ટેસ્ટ ઉપયોગી છે. આ મશીન દ્વારા ટેસ્ટ કરવામાં આવતા કસરત માટે શરીરનો પ્રતિભાવ સામાન્ય છે કે અસામાન્ય છે તે સમજવા માટે હૃદય, ફેફસાં અને સ્નાયુઓ વિશેની આજકાલ કસરત કરતી વખતે કેટલાક લોકોને હૃદયરોગનો હુમલો થવાનું જાણવા મળે છે ત્યારે આ ટેસ્ટ કરાવવાથી હૃદય અને ફેફસાના રોગ ધરાવતા લોકોમાં હૃદય અથવા ફેફસાંને કારણે કસરતમાં કેટલી મર્યાદા છે તે નક્કી કરી શકાય છે. તેમજ રીપોર્ટના આધારે ડોક્ટર્સ દ્વારા તેમને કસરત અંગે સૂચન કરવાથી વ્યક્તિને હૃદયરોગના હુમલાથી બચાવી શકાય છે. રાજકોટ એઈમ્સ ખાતે કરવામાં આવેલ પ્રથમ ટેસ્ટ વખતે ડો. સંજય સિંઘલ, ડો. કૃણાલ દિઓકર, ડો. અનેરી પારેખ સહીત વિવિધ વિભાગના સહયોગીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# કોડીનારથી ઉના વચ્ચે ડીવાઈડર તોડી અનઅધિકૃત રસ્તા બનાવાયા અને અકસ્માતો સર્જાતા રહ્યા

**નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા તુરત પગલાં લેવા માંગ**

(પ્રતિનિધિ દ્વારા)
ડોળાસા તા.૧૪

કોડીનારથી ઉના વચ્ચે અનેક જગ્યાઓએ ડીવાઈડર તોડી મંજૂરી વગરનાં અને સૂચના કે બોર્ડ વગરનાં રસ્તાઓ બનાવાયા હોવાથી સતત અકસ્માતો સર્જાતા રહે છે. જેમાં અનેક લોકોએ જીવ પણ ગુમાવ્યા છે. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા તુરત આવા નાકાઓ હમેશા માટે બંધ કરવા લોકોમાં માંગ ઉઠી છે.

ઉનાથી કોડીનાર વચ્ચે છેલ્લા આઠ વર્ષથી ફોર ટ્રેક રોડનું કામ ચાલુ છે. તે પૈકી ડોળાસા - કોડીનાર વચ્ચે અધુરૂં કામ પણ થયું નથી. જે જગ્યાઓ એ કામ પૂરૂં થયું છે અને બંને બાજુનાં રોડ ચાલુ છે તેવા સ્થળોએ હાઈવે રોડ ઉપરનાં ધંધાર્થીઓ જેવા કે હોટેલ, પેટ્રોલ પંપ વિગેરે સામે અનઅધિકૃત રીતે ડીવાઈડર તોડી રસ્તા બનાવાયા છે. જેથી સામેના રોડ ઉપર દોડતા વાહનો પણ તેમના ધંધાનો લાભ લઈ શકે. પણ એના કોઈ સૂચના બોર્ડ કે સિગ્નલ આપવામાં આવેલ ન હોવાથી અનેકવાર નાના મોટા અકસ્માતો સર્જાતાં રહે છે. ડોળાસા- ઉના વચ્ચે પણ કેટલીક જગ્યાઓએ આજ સ્થિતિ છે.

આ અગાઉ પણ જીવલેણ અકસ્માતો સર્જાયા છે.અને નાના નાના અકસ્માતોની ઘટના રોજિંદી બનીછે. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા આ તમામ અનઅધિકૃત રસ્તાઓ તુરંત બંધ કરાવામાં આવે અને જરૂરી જગ્યાએ સિગ્નલ, બોર્ડ અને સૂચના પત્ર મૂકે જેથી અકસ્માતો નિવારી શકાય. આ બાબતે ડોળાસા ગ્રામ પંચાયત દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવી છે.

# જૂનાગઢ ખાતે શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિનાં ૨૦માં સમૂહ લગ્ન યોજાયા



જૂનાગઢ, તા.૧૪

જૂનાગઢમાં ભવનાથ ખાતે આવેલ સનાતન ધર્મ શાળા ખાતે શ્રી જગન્નાથ સમૂહ લગ્ન સમિતિ દ્વારા શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિના ૨૦માં સમુહ લગ્ન યોજાયા હતા. જેમાં દાતાઓ તેમજ જ્ઞાતિ આગેવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સમુહ લગ્નમાં પાચ નવદંપતીઓએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા જેમાં સોરઠીયા વાણંદ જ્ઞાતિ સહપરિવાર ઉપસ્થિત રહ્યા હતા.

# પુર્વ મેયર મહેન્દ્ર મશરૂ દ્વારા બિનવારસ મૃતદેહની અંતિમ ક્રિયા કરાઈ

જૂનાગઢ તા. ૧૪

તાજેતરમાં જૂનાગઢ ભવનાથ પોલીસને એક બીનવારસુ આશરે ૪૫ વર્ષની બિમાર વ્યક્તિ મળી આવતા ૧૦૮ મારફત જૂનાગઢ સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરવામાં આવેલ પરંતુ સારવારને અંતે તા.૧-૩-૨૩ ના રોજ ઉપરોકત વ્યક્તિનું મૃત્યુ થતા તેમના વાલી-વારસોને ભવનાથ પોલીસ દ્વારા શોધવા પ્રયાસો કરવા છતાં કોઈ ન મળતા તા.૧૦-૩-૨૩ ના રોજ અંતિમવિધી માટે ડેડબોડી પુર્વ ધારાસભ્ય અને પુર્વ મેયર મહેન્દ્રભાઈ મશરૂને સોંપતા સર્વોદય બ્લડબેંકના મહેન્દ્ર મશરૂ તથા સમીર દિવાન, કમલેશ પુરોહિત, રવજી ડાભી સહિતના સ્વયંમસેવકોએ જૂનાગઢ સ્મશાનની વિદ્યુત ભઠ્ઠીમાં હિન્દુ વિધી મુજબ મૃતકના અંતિમ સંસ્કાર કરેલ હતા.

### કોડીનારના મૂળદ્વારકા બંદરે

# ગેરકાયદેસર વસવાટ અને માછીમારી કરતા આયાતી માછીમારો સામે કાર્યવાહી કરવા માંગ

(મુગલઅલ્તાફ દ્વારા)
કોડીનાર તા.૧૪

કોડીનાર તાલુકાના મૂળદ્વારકા બંદરે બહાર ગામથી આવી ગેરકાયદેસર વસવાટ અને માછીમારી કરતા માછીમારો સામે કડક કાર્યવાહી કરવા મૂળદ્વારકા સમસ્ત ગામના પટેલોએ કોડીનાર પી.આઈ.ને લેખિત રજૂઆત કરી હતી.

મૂળદ્વારકા બંદરના તમામ સમાજના પટેલોએ કોડીનાર પી.આઈ. આર.એ.ભોજાણીને કરેલ લેખિત રજૂઆતમાં જણાવ્યા મુજબ મૂળદ્વારકા બંદરમાં બહારના માછીમારો ગેરકાયદેસર રીતે ફિશીંગ કરી બંદર ઉપર જ હોડીઓ પાર્કિંગ કરી બંદરમાં જ વસવાટ કરતા હોય તેનાથી સ્થાનિક માછીમારોને પારાવાર તકલીફ પડી રહીહોય બહારના માછીમારોને બંદર ઉપર વસવાટ અને હોડી પાર્ક કરવાની ના પાડવામાં આવે તો આ આયાતી માછીમારો ઝઘડો કરે છે, અને આ માછીમારો ઘણી ગેરકાયદેસર પ્રવૃતિઓ કરતા હોવાનું અને કોમી રમખાણ કરવાની પેરવી કરી રહ્યા હોવાનું જણાવી આ લોકોને ઘણી વખત સમજાવવા છતાં બંદર ખાલી કરતા ન હોય આવા બહારના માછીમારોને બંદરમાંથી બહાર કરવા માંગ કરી છે. જો આની સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં નહિ આવે તો નાછૂટકે આંદોલન કરવાની ફરજ પડશે અને જો તેમ છતાં પણ ન્યાય નહિ મળે તો આવા આવારા તત્વોના ત્રાસના કારણે મૂળદ્વારકા ચારેય સમાજના લોકોએ ગામ છોડી હિજરત કરવી પડશે તેમ જણાવી ધોરણસરની કાર્યવાહી કરવા રજૂઆતના અંતે માંગ કરી છે.

### ડોળાસા નજીકનાં સોનપરા ગામે

# હોળી નિમિતે કોળી સમાજ દ્વારા સમાજ સુધારણાનાં વિવિધ કાર્યક્રમો યોજાયા

ડોળાસા તા.૧૪

ડોળાસા નજીકનાં સોનપરા ગામે કોળી સમાજ દ્વારા સમાજ સુધારણાનાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. ગીરગઢડા તાલુકાના સોનપરા ગામના કોળી સમાજ દ્વારા હોળીનાં તહેવારો નિમિતે યોજાતા "વાડ" (નવજાત બાળકને પ્રથમ હોલિકા દર્શન) નાં કાર્યક્રમમાં અલગ અલગ ઘેરેથી ખોટો ખર્ચ ન થાય એટલે સામૂહિક " વાડ " નું આયોજન કરવામાં આવ્યું હતું. કુલ આઠ બાળકોની વાડ સામૂહિક યોજાઈ હતી અને સમાજને ખોટા ખર્ચમાંથી બચવા અપીલ કરવામાં આવી હતી.

આજ રીતે બારોટના ચોપડે નામ લખાવવાની વિધિ પણ સામૂહિક યોજાઈ હતી અને સમૂહપ્રસાદનો કાર્યક્રમ યોજાયો હતો. સોનપરા ગામના કોળી સમાજ દ્વારા સમુહલગ્ન બાદ અન્ય સામાજિક કાર્યક્રમો પણ સમૂહમાં જ ઉજવવાનું આયોજન હવે દર વર્ષે યોજવાનું નક્કી કરવામાં આવ્યુંહતું. આ ઉપરાંત બાળકોને ભણાવવા અને વ્યસન મુકત જીવન અમલી બનાવવા દરેકપરિવારોને સમાજશ્રેષ્ઠીઓ દ્વારા અપીલ કરવા આવી હતી.

# સોમનાથ ભગયવાન શ્રીકૃષ્ણ ધામ દેહોત્સર્ગ-ગીતા મંદિર ખાતે ચૈત્ર સુદ- ૧ એ ઉજવાશે ગોલોકધામ પ્રસ્થાન દિન



(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)
પ્રભાસપાટણ તા. ૧૪

શ્રી ગોલોકધામ એટલે કે જયાં ભગવાન શ્રીકૃષ્ણએ પૃથ્વી ઉપરથી સ્વર્ગ ખાતે પ્રયાણ કર્યુ એ પવિત્રસ્થાન શ્રીકૃષ્ણની ચરણરજ આ દિવ્ય સ્થાનમાં સચવાયેલી છે. પ્રભાસની ભૂમિને હરી-હર ભૂમી પણ કહેવાય છે. અને આ ભૂમિ ઉપરથી જ ભગવાન શ્રીકૃષ્ણએ સ્વધામગમન કર્યુ હતું. પરિવ્રાજક સ્વામિ શ્રી જ્ઞાનાનંદ સરસ્વતીજીએ અત્રે ચતુર્માસ દરમ્યાન શ્રીકૃષ્ણના સ્વધામ ગમનની શાસ્ત્રોકત અને જયોતિષ દ્રષ્ટીએ કાલગણના કરી હતી. તે પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણએ ચૈત્ર શુકલ પ્રતિપદાના પાવન દિવસે મધ્યાહન ૨-૨૭-૩૦ વાગ્યે એટલે કે બે કલાક ૨૭ મિનીટ અને ૩૦ સેકન્ડ વાગ્યે પૃથ્વી લોકથી સ્વધામ ગમન કર્યુ હતું.

એ દિવસે નૂતન ધ્વજારોહણ, ભગવાન શ્રીકૃષ્ણ ચરણપાદુકા પૂજન, શંખનાદ, બાંસુરીવાદન, જયઘોષ સાથેના કાર્યક્રમો ગીતાપાઠ તથા સાંજે ભગવાન શ્રીકૃષ્ણની ચરણ પાદુકાઓની સહસ્ત્ર દિવડાઓથી આરતી સહિતના વિવિધ કાર્યક્રમોનું સોમનાથ ટ્રસ્ટ જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ કરાઈ રહયું છે. સોમનાથ ટ્રસ્ટ પ્રતિ વર્ષ ચૈત્ર સુદ-૧ એ આ ગોલોકધામ પ્રસ્થાન દિવસ ઉજવે છે.

કાંઈક તો શરમ કરો... કાંઈક તો શરમ કરો... કાંઈક તો શરમ કરો...


# એક તરફ ગૌ માતાનું આપણે પૂજન કરીએ છીએ અને બીજી તરફ પેટની તૃષા મિટાવવા ખોરાકની શોધમાં ગૌ માતા વલખા મારે છે

(પ્રતિનિધિ દ્વારા)



જૂનાગઢ તા. ૧૪ આપણે ત્યાં જીવ માત્રની પાછળ કંઈકને કંઈક સારી કામગીરી કરતા હોય છે. અને દરેક માનવ તેમજ પશુ-પક્ષી સહિતનાઓની પાછળ કંઈકને કંઈક પ્રવૃતિ થતી હોય છે. અને પશુ, પક્ષીઓનાં નિભાવ માટેની એક વ્યવસ્થા પરંપરાથી ગોઠવાયેલી છે. આ દેશમાં ભગવાનશ્રી કૃષ્ણએ ગૌ માતાને ઉચ્ચ દરજ્જો આપેલો છે. અને ગૌ પાલનની પ્રવૃતિને સેવાની શ્રેષ્ઠ પ્રવૃતિ કહી છે. જૂનાગઢનાં જ પૃષ્ટી સંપ્રદાયનાં અધિષ્ઠાતા એવા પૂ. કિશોરચંદ્રજી મહારાજે ગૌ સેવા માટે શ્રેષ્ઠ કામગીરી કરી છે. અને ઠેર ઠેર ગૌશાળાઓ બાંધી અને ગૌસેવાની પ્રવૃતિને વધુ વિકસીત જૂનાગઢ જીલ્લામાં અને દૂર દૂર સુધી કરી છે. ગાય માતામાં ૩૩ કરોડ દેવતાનો વાસ રહેલો છે. ભોજન કરતી વખતે પ્રથમ ભાગ ગાય માતાનો કાઢવામાં આવે છે. અને ઘરની ગૃહિણીઓ ગૌ માતાને રોટલી આપતી હોય છે. આ દિવસો પહેલાની જેમ આજે પણ જોવા મળે છે. પરંતુ સાથે સાથે જૂનાગઢ શહેર અને ગુજરાતનાં અન્ય શહેરોમાં પણ ઠેક ઠેકાણે રસ્તાઓ ઉપર ખોરાકની શોધમાં જયાં ત્યાં ભટકતા ગૌ માતાઓની સ્થિતિ જોઈ અને માથુ શરમથી ઝુકી જાય છે. જૂનાગઢ શહેરનાં અનેક વિસ્તારોમાં આજે ઠેક ઠેકાણે ગૌ વંશ જયાં ત્યાં રખડતો જોવા મળે છે. કચરા, ગંદકી, પ્લાસ્ટીક સહિતનાં ભવિષ્યમાં રોગ થાય તેવા આ કચરો આરોગી અને ઘણીવાર તો આ ગૌ માતાને દિવસ પસાર કરવો પડતો હોય છે. જયાં ત્યાં ભટકવાનાં કારણે તેની હાલત ખુબ જ ખરાબ થઈ ગઈ છે. મનપા તંત્રએ શેરીએ ગલીએ જયાં ત્યાં સુકો કચરો અને ભીનો કચરોનાં ડસ્ટબીન લગાડેલા છે. એવા ડસ્ટબીનમાં પણ ખોરાકની શોધ આ ગૌ માતા કરી રહયા છે તેની આ બોલતી તસ્વીર અત્રે પ્રસ્તૃત કરવામાં આવી છે. જૂનાગઢવાસીઓ તેમજ સંબંધીત મનપા તંત્ર આ બાબતે કઈ ઘટતુ કરે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.







## ગાય માતાની દૂર્દશા માટે જવાબદાર કોણ ? સમાજનાં લોકો કે મનપા તંત્ર ઉઠતો પ્રશ્નો



જૂનાગઢ તા. ૧૪ હિન્દુ ધર્મ સંસ્કૃતિમાં ગાય માતાને ઉચ્ચ દરજ્જો આપવામાં આવેલ છે અને ગાય માતાની પુજાનું આગવું અને અનેરૂ મહત્વ દર્શાવે છે. ભગવાન શ્રીકૃષ્ણએ પણ ગાયોની સેવા કરી હતી. આજે ડીઝીટલ યુગમાં ગૌવંશ કહો કે ગાય માતા કહો, આજે ખોરાકની શોધમાં દર દર ભટકી રહયું છે. એક તરફ ખોરાક માટે તરફડતી ગાય માતાઓ તો બીજી તરફ અભાગી એવી ગાય માતાઓને ગંદકી અને એઠવાડો બોટવાનો વારો આવી ગયો છે. બોરચોથ અથવા તો કોઈ ધાર્મિક વીધિ કરવાની હોય ત્યારે આપણે ખુણે ખાચરેથી પણ ગાય માતાને શોધી લાવીએ છીએ અને તેનું પુજન કરીએ છીએ. બાકી ૩૬૪ દિવસ ગાય માતા રસ્તામાં રખડે છે. આ આપણી કરૂણતા ન કહેવાય તો બીજું શું કહેવું. દરેક શહેરોમાં સેવાકીય સંસ્થાઓ, સામાજીક મંડળો, જરૂરીયાત મંદ લોકોની વ્હારે ચડવાનો દેખાવો કરતા અનેક લોકો કે જેઓ ૧૦૦ ગ્રામ કે ૨૦૦ ગ્રામનાં પડીકાની કીટ બનાવી વિતરણ કરી જાણે મોટી દાનની પ્રક્રિયા કરી હોય તે માફક ફોટોગ્રાફ સાથે અખબારી યાદીઓ પ્રસિધ્ધ કરાવે છે. આ સાથે જ રાજકીય ક્ષેત્રનાં અનેક મહાનુભાવો એવા છે કે, આમંત્રણ મળ્યુ નથી અને જાણે ફોટો સેશનમાં જવા માટે બની ઠનીને પાંચ મીનીટ હાજરી આપી ફોટા પડાવી લે અને તેમના જ માણસો દ્વારા આ ફોટાઓને વાયરલ કરી સોશિયલ મીડીયામાં મુકવામાં આવે જાણે કેમ મોટું બહાદુરીનું કામ કર્યુ હોય એવો સીન સપાટો મુકવામાં આવતો હોય છે. ત્યારે આજે એવું યાદ આવે છે કે, છેલ્લા ૧૦ વર્ષમાં એવા એકપણ ફોટા વાયરલ થયા નથી કે જેમાં કોઈ મહાનુભાવોએ કે રાજકીય નેતાએ અથવા તો કોઈ સેવાકીય મંડળની સંસ્થાઓએ ગાય માતા માટે કંઈ કાર્ય કર્યુ હોય અને તેના ફોટા અપલોડ કર્યા હોય, જૂનાગઢમાં કિશોરચંદ્રજી બાવાશ્રીએ ગૌમાતા માટે અનેક કાર્યો કર્યા છે આ ઉપરાંત ધાર્મિક સંસ્થાઓમાં પણ ગાયોની સાર સંભાળ લેવામાં આવી રહી છે તે જુદી વાત છે. આજે એકલા જૂનાગઢ શહેરની વાત કરીએ તો મોટાભાગનાં રસ્તાઓ ઉપર જયાં ત્યાં રખડતા ઢોર અને ખાસ કરીને ગાય માતા જોવા મળતી હોય છે. ઘણી વખત તો રસ્તાઓ ઉપર જતા પશુધનનાં કારણે અકસ્માતનાં બનાવો પણ જાણે અજાણે બની જતા હોય છે. આજે આ બધી કથા કરવાનો ઉદેશ માત્ર એટલો જ છે કે સમાજની ટોચની વ્યકિત હોય કે કોઈ રાજકારણી હોય કે અન્ય લોકો મોબાઈલમાં સેલ્ફી લેવાનાં ધખારા બંધ કરી દેવા જોઈએ. તેને બદલે કોઈ ગાય માતાની સેવા કરતા હોય અને એક સારૂ કામ કર્યાનો સંતોષ સાથેનો ફોટો જો વાયરલ થાય તો આવા કર્મયોગીને બિરદાવવા આ સમાજ તૈયાર છે. અંતમાં એટલું જ કહેવાનું કે, આજે જયારે ગાય માતા રસ્તે રઝળતા બની ગયેલ છે તેની દુર્દશા માટે કોણ જવાબદાર છે ?

## શિક્ષણ સેલ જૂનાગઢ દ્વારા પ્રદેશ ભાજપ પ્રમુખ સી. આર. પાટીલનાં જન્મ દિન નિમિત્તે આવતીકાલે રકતદાન કેમ્પ




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૪ ભાજપ જૂનાગઢ મહાનગર શિક્ષણ સેલ દ્વારા ગુજરાત પ્રદેશ ભાજપનાં યશસ્વી અધ્યક્ષ સી.આર. પાટીલનાં જન્મ દિવસ નિમિત્તે આવતીકાલે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આવતીકાલે બુધવારનાં રોજ સવારે ૯.૩૦ થી ૧.૩૦ દરમ્યાન રેડક્રોસ હોલ આઝાદ ચોક ખાતે આ રકતદાન કેમ્પ યોજવામાં આવશે. શહેર ભાજપ પ્રમુખ પુનીતભાઈ શર્માનાં માર્ગદર્શન હેઠળ શિક્ષણ સેલ દ્વારા આયોજીત આ કેમ્પમાં ડો. શૈલેષ બારમેડા, ડો. સંજય કુબાવત, ડો. ભરત ઝાલાવડીયા, ડો. નૈનશ ઝાલાવડીયા તથા સર્વે ડોકટરશ્રીઓ સેવા આપશે. આ રકતદાનનાં કેમ્પનાં કાર્યક્રમને સફળ બનાવવા માટે શિક્ષણ સેલનાં કેટી સર અને તેમની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.


તમારા વ્યવસાયની જાહેરાત આપવા માટે સંપર્ક કરો... 8000760909
ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો... 6359812823
વધુ વિગતો માટે વાંચો સૌરાષ્ટ્ર ભૂમિ ઈ-પેપર www.saurashtrabhoomi.com


## જૂનાગઢ સહિત રાજયમાં ધો. ૧૦-૧૨ની પરીક્ષાનો પ્રારંભ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૪ આજથી શરૂ થતી ધો. ૧૦ અને ૧૨ના મળીને જૂનાગઢ સહિત રાજયનાં કુલ ૧૬,૪૯,૦૫૮ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં નોંધાયા છે. ધો. ૧૦ અને ધો. ૧૨ના મળીને ૧,૭૬૩ કેન્દ્રનાં ૫૬ હજારથી વધુ બ્લોકમાં પરીક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષા દરમ્યાન મોનેટરીંગ કરવા માટે રાજય કક્ષાએથી ૧૦ સ્કવોડ તૈનાત કરવામાં આવી છે. પ્રથમ દિવસે ધો. ૧૦માં ગુજરાતી, ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં સહકાર પંચાયત અને નામાના મુળતત્વો તેમજ ધો. ૧૨ સાયન્સમાં ભૌતિક વિજ્ઞાન વિષયનાં પેપરથી પરીક્ષાનો પ્રારંભ થશે. ધો. ૧૦ અને ધો. ૧૨ની બોર્ડની પરીક્ષા આજથી શરૂ થઈ તા. ૨૯મી એપ્રીલનાં રોજ પૂર્ણ થશે. ધો. ૧૦ની પરીક્ષા માટે ૯,૫૬,૭૫૩ ઉમેદવારો સંસ્કૃત પ્રથના ૬૪૪ ઉમેદવાર નોંધાયા છે. જેમાં નિયમીત ૭,૪૧,૩૩૭, ખાનગી ૧૧,૨૫૮, રીપીટર ૧,૬૫,૫૭૬, ખાનગી રીપીટર ૫,૪૭૨, આઈસોલેટેડ ૩૩,૧૧૦, ડીસેબલ ૪,૦૩૪ વિદ્યાર્થી નોંધાયા છે. જેમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૫,૩૮,૨૩૦ છે. જયારે વિદ્યાર્થીનીઓની સંખ્યા ૪,૧૮,૫૨૩ નોંધાઈ છે. ધો. ૧૦ની પરીક્ષાનાં રાજયનાં કુલ ૮૭ ઝોનના ૯૫૮ કેન્દ્રોનાં ૩૧,૮૧૯ બ્લોકમાં લેવામાં આવશે. ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૫,૬૫,૫૨૮ વિદ્યાર્થી નોંધાયા છે. જેમાં નિયમીત ૪,૮૦,૭૯૪, ખાનગી નિયમીત ૩૪,૬૧૭, રીપીટર ૨૯,૯૮૧, આઈસોલેટેડ ७૨૨૮૦ અને ખાનગી રીપીટર ૧૨,૮૫૬ વિદ્યાર્થી નોંધાયા છે. સામાન્ય પ્રવાહની પરીક્ષા ૫૬ ઝોન અને ૬૬૫ કેન્દ્રનાં કુલ ૧૮,૩૮૯ બ્લોકમાં લેવામાં આવશે જે ગત વર્ષે ૪,૨૫,૮૩૪ વિદ્યાર્થી જ નોંધાયા હોવાથી ૧૩,૫૫૬ બ્લોકમાં લેવામાં આવી હતી. ધો. ૧૨ સાયન્સમાં ૧,૨૬,૮૯૬ વિદ્યાર્થી નોંધાયા છે. જેમાં રેગ્યુલર વિદ્યાર્થી ૧,૧૦,૩૮૨ અને ૧૬,૩૯૫ રીપીટર વિદ્યાર્થી નોંધાયા છે. રેગ્યુલર વિદ્યાર્થીઓમાં બો ગ્રુપમાં ૪૦,૪૧૪, બી ગ્રુપમાં ૩૨ વિદ્યાર્થી નોંધાયા છે. સાયન્સની પરીક્ષા માટે ૫૬ ઝોન ૧૪૦ કેન્દ્ર અને ૬,૪૨૫ બ્લોકમાં વ્યવસ્થા કરાઈ છે. ગત વર્ષે સાયન્સમાં ૧,૦૮,૦૬૭ વિદ્યાર્થી નોંધાયા હતાં અને પરીક્ષા વ્યવસ્થા ૫,૪૬૦ બ્લોકમાં કરવામાં આવી હતી.

# જૂનાગઢનાં વિલીંગ્ડન ડેમમાં ઝંપલાવી પુત્રી સાથે માતાનો આપઘાત : અરેરાટી



જૂનાગઢ તા.૧૪ જૂનાગઢ શહેરમાં આવેલા વિલીંગ્ડન ડેમમાં ગઈકાલે બપોરનાં સમયે કોઈએ છલાંગ લગાવી અને જીવનનો અંત આણ્યો હોવાની જાણ થતા મળતા ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને પાણીમાં તરવૈયાઓએ કુદીનો અડધી કલાકની મહેનત બાદ એક મહિલા અને ત્યારબાદ એક બાળકીનાં મૃતદેહનો બહાર કાઢવામાં આવ્યો હતો. મૃતક મહિલા અને તેની બાળકીની ઓળખ થઈ હતી. પોલીસનાં જણાવ્યા અનુસાર મૃતક જૂનાગઢમાં ગિરનાર દરવાજા પાસેની છગનમામાની સોસાયટી પાસે નિર્મળનગર નજીક રહેતા સોનલબેન મોહિતભાઈ કોડીયાતર (ઉ.વ.૨૮) અને તેમની પાંચ માસની પુત્રી આધ્યા હોવાનું ખુલ્યું હતું. પોલીસ તપાસમાં બહાર આવેલ વિગત અનુસાર મૃતક સોનલબેન મોહિતભાઈ કોડીયાતરએ કોઈપણ કારણસર ગઈકાલે બપોરે અઢી વાગ્યાનાં અરસામાં પોતાની પાંચ માસની પુત્રી આધ્યા સાથે પડી જઈ અને આત્મઘાતી પગલું ભરતા માતા-પુત્રીનાં મૃત્યું થયા છે. આ બનાવને પગલે અરેરાટી સાથે તેમનાં પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. દરમ્યાન આ બનાવ અંગે ભવનાથ પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ એમ.સી. ચુડાસમા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

(તસ્વીર : અમ્માર બખાઈ)

# જૂનાગઢમાં ૬૬ કેવી નજીક હુમલો : મોટરસાઈકલને નુકશાન પહોંચાડયા અંગે પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪ જૂનાગઢનાં ૬૬ કેવી યોગીનગર, નાગેશ્વર મહાદેવનાં મંદિર પાસે રહેતા દેવાભાઈ ભીમસીભાઈ કરંગીયા (ઉ.વ.૪૫)એ બસીર ઉર્ફે ટકો હબીબભાઈ રહે. ૬૬ કેવી, સુનીલ મરાઠી રહે.૬૬ કેવી, મહેતાનગર તથા અન્યબે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામનાં ફરિયાદી પોતાની મોટરસાઈકલ લઈ જતાહતા દરમ્યાન આરોપીઓ રસ્તામાં ઉભા હતા. ફરિયાદીને કહેલ કે અમને જોઈને કેમ ગાડી રેસ કરે છે. તેમ કહી ભુંડી ગાળો દેવા લાગતા ફરિયાદી પોતાની મોટરસાઈકલ લઈ ઘરે જતા રહેલ દરમ્યાન આરોપીઓ ફરિયાદીની પાછળ ઘરે જઈ આરોપી નં-૧ છરી તથા આરોપી નં-૨ કુહાડી તથા આરોપી નં-૩, ૪ પાસે ધારીયું તથા કુહાડીથી ફરિયાદીની મોટરસાઈકલ હોન્ડા સાઈન નંબર જીજે-૧૧-સીકે-૦૪૮૩ તથા હિરો કંપની સ્પેન્ડર મોટરસાઈકલ નંબર જીજે-૧૧-સીજે-૯૪૮૩ વાળીમાં કુહાડી ધારીયા તથા લોખંડનાં પાઈપથી તોડફોડ કરી આશરે રૂા.૮૦,૦૦૦ની નુકશાની કરેલ અને આરોપી નં-૧એ છરીથી મારવા જતા વાગેલ નહી અને તમામ આરોપીઓ મળી ફરિયાદીને શરીરે આડેધડ મારમારી સામાન્ય ઈજાઓ કરી ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ તાલુકા પોલીસ સ્ટેશનનાં એએસઆઈ પી.એસ. આંત્રોલીયા ચલાવી રહ્યા છે.

# કેશોદ : વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીથી ત્રાસી જઈ ઝેરી ટીકડા પી જીવનનો અંત આણતા પાંચ સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪ જૂનાગઢ જીલ્લાનાં કેશોદ ખાતે બનેલા એક બનાવમાં વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીનાંપરિણામે કંટાળીજઈ ઝેરી દવા પી લઈ જીવનનો અંત આણ્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ અંગે પાંચ શખ્સો વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવવામાંઆવીછે. આ બનાવ અંગે કેશોદ પોલીસે આપેલવિગત અનુસાર પ્રજાપતિ સોસાયટી, એરપોર્ટ રોડ ઉપર રહેતા સવિતાબેન વિનોદભાઈ રોચીરામાણી (ઉ.વ.૪૦)એ પ્રવિણભાઈ સીંધલ, ભાવેશભાઈ ભુપતભાઈ, રાજુભાઈ હરદાસભાઈ, અજીતભાઈ આહીર રહે. બધા કેશોદ ધાર વિસ્તાર તેમજ રવીભાઈ ઉર્ફે એસ.કે. પારવાની રહે.પલ્લવીનગર કેશોદ વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામનાં મરણ જનારે પાંચેય આરોપીની પાસેથી જરૂરીયાત મુજબ રૂા.૧૨ લાખ લીધેલ હોય જેનું મરણજનારે વ્યાજ ચુકવી આપવા છતાં આ કામનાં આરોપીઓ બમણા વ્યાજની માંગણી કરી રૂા.૧.૨૪ લાખ જેટલા વધુ વ્યાજની માંગણી કરીફરિયાદીનાં ઘરેજઈ અને ફોન ઉપર જાનથી મારી નાખવાની ધમકી આપી મરણજનારને હેરાન પરેશાન કરતાહોયજેથી મરણજનારેઆ લોકોનાં ત્રાસથી કંટાળી જઈ મરવા માટે મજબુર થતા ઝેરી દવાનાં ટીકડા પી મૃત્યું પામતા આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ગુનો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ વિવિધ કલમઅંતર્ગત ગુનો દાખલકરેલ છે. આ બનાવની વધુ તપાસ કેશોદનાં પીઆઈ બી.બી. કોળી ચલાવી રહ્યા છે.

## ડુંગરપુર નજીક ખુંટીયો આડો ઉતરતા રીક્ષા પલ્ટી જતા બે વર્ષની બાળકીનું મૃત્યું

જૂનાગઢ તા.૧૪ : જૂનાગઢ તાલુકાનાં ડુંગરપુર ગામે પ્યાગો રીક્ષા નંબર જીજે-૨૨-યુ-૧૧૭૬નાં ચાલક સામતભાઈ કારાભાઈ કોળી પોતાનાં હવાલાની રીક્ષા પુરઝડપે અનેબેફીકરાઈથી ચલાવીરહ્યાહતા. આ દરમ્યાન રસ્તા વચ્ચે ખુંટીયો આડો પડતા તેઓએ રીક્ષા ઉપરનો કાબુ ગુમાવતા રીક્ષા પલ્ટી જતા ગીતાબેનની દીકરી પ્રિતીબેન(ઉ.વ.૨) વાળાને શરીરે ગંભીર ઈજા પહોંચાડી તેનું મોત નિપજાવેલ છે.





ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨